*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

દંસણમૂલો ધમ્મો



# આત્મધર્મ



આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૩૨૮

## મોક્ષમાં જવાનું શુકન

અહો, આ ‘સમયસાર’તો મોક્ષમાં જવા માટેનું શુકન છે. જેને આ સમયસાર મળ્યું તેને મોક્ષનાં ઉત્તમ શુકન થયા. તેના ભાવો સમજનાર આનંદપૂર્વક મોક્ષમાં જશે.

આ સમયસારના પક્ષી, એટલે કે જેને સમયસારરૂપી પાંખ મળી, અને સમયસારમાં જેવો શુદ્ધઆત્મા કહ્યો છે તેવો લક્ષમાં લઈને તેનો જેણે પક્ષ કર્યો, તે નિરાલંબી જ્ઞાનગગનમાં વિહરે છે એટલે કે જ્ઞાનસ્વભાવનો અનુભવ કરે છે. સમયસાર તો શુદ્ધ સોના જેવું નિર્મળ છે, સો ટચના સોના જેવા શુદ્ધભાવો આ સમયસારમાં ભર્યા છે; આવા સમયસારનું શ્રવણ કરતાં, એટલે કે તેના વાચ્યરૂપ શુદ્ધઆત્માને લક્ષમાં લઈને ભાવશ્રવણ કરતાં ભવ્યજીવોને હૈયાનાં ફાટક ખુલી જાય છે.....તે નિઃશંક થઈ જાય છે કે અહો, સમયસારે તો ન્યાલ કર્યા; અમે સંસારથી છૂટા પડીને મોક્ષના માર્ગમાં આવી ગયા....સમયસારે તો અશરીરી ભાવ બતાવ્યો... ખરેખર, બહુમાનપૂર્વક આવા સમયસારનું શ્રવણ તે મોક્ષમાં જવાનું શુકન છે. नाटक सुनत हिये फाटक खुलत है।

[ સ.નાટકના પ્રવચનમાંથી; વિશેષ માટે જુઓ પાનું આઠમું ]

તંત્રી : પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર * સંપાદક : બ્ર. હરિલાલ જૈન

વીર સં. ૨૪૯૭, મહા ( લવાજમ : ચાર રૂપિયા ) વર્ષ ૨૮ : અંક ૪

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

# * गुणीषु प्रमोदं *

સમ્યક્ત્વાદિ રત્નત્રયગુણના ધારક એવા ગુણીજનો પ્રત્યે ધર્મીને પ્રમોદ હોય છે; એ રત્નત્રયને તથા તેના આરાધક ગુણીજનોને દેખીને તેને અંતરમાં પ્રેમ–હર્ષ–ઉત્સાહ ને બહુમાન જાગે છે, તેને વાત્સલ્ય ઉલ્લસે છે. ગુણીજનો પ્રત્યે જેને પ્રમોદ ન આવે, તો સમજવું કે તે જીવને ગુણના મહિમાની ખબર નથી, તેને પોતામાં ગુણ પ્રગટયા નથી. પોતામાં જેને ગુણ પ્રગટયા હોય તેને તેવા ગુણ બીજામાં દેખતાં પ્રમોદ આવ્યા વિના રહે નહિ.

ભગવતી આરાધનામાં કહે છે કે ચારિત્રરહિત તથા જ્ઞાનદર્શનથી રહિત એવા ભ્રષ્ટ મુનિઓ લાખો કરોડો હોય તોપણ તેના કરતાં સુશીલ એવા ઉત્તમ આચારના–ધારક એક જ હોય તે શ્રેષ્ઠ છે; કેમ કે સુશીલ એવા જે ભાવલિંગી તેના આશ્રયે શીલ એટલે કે દર્શન–જ્ઞાન–ચારિત્ર વૃદ્ધિને પામે છે. (ભાવાર્થ–) જેનાથી સત્યાર્થ ધર્મ પ્રવર્તે તે તો એક પણ શ્રેષ્ઠ છે; પરંતુ જેનાથી સત્યાર્થ ધર્મ નષ્ટ થાય, ને વિપરીત માર્ગ પ્રવર્તે એવા લાખો –કરોડો પણ શ્રેષ્ઠ નથી. ( ભગવતી આરાધના ગાથા ૩૫૯ )

કોઈ એમ કહે કે, સત્યાર્થ સંયમી તો અમારો આદર કરતા નથી, ને પાર્શ્વસ્થ ( ભ્રષ્ટ ) મુનિ બહુ આદર કરે છે, પ્રીતિ કરે છે ! –તો તેને કહે છે કે હે ભાઈ ! દુર્જન વડે કરવામાં આવતી જે પૂજા–આદર તેના કરતાં સંયમી જનો વડે કરવામાં આવતું અપમાન પણ શ્રેષ્ઠ છે; કેમ કે દુર્જનની સંગતિ તો આત્માના જ્ઞાન–દર્શનનો નાશ કરે છે, ને સંયમીઓની સંગતિ આત્માના જ્ઞાન–દર્શનાદિક સ્વભાવને પ્રગટ કરે છે, ઊજ્જ્વળ કરે છે. ( ભગવતી આરાધના ગા. ૩૬૦ )

**માટે શ્રેષ્ઠ ગુણધારક સંતજનોનો જ આશ્રય કરો,**

**એવો ઉપદેશ છે.**

**“આત્મહિતકાર સત્સંગનો જય હો”**

વાર્ષિક લવાજમ ચાર રૂપિયા

દંસણ મૂલો ધમ્મો

આત્મધર્મ

આત્માર્થીતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવા

* વર્ષ : ૨૮ અંક ૪ *

વીર સં. ૨૪૯૭ મહા Febru. 1971

# હિરદે હમારે ભગવંતકી ભગતિ હૈ

કબહૂં સુમતિ હ્વૈ કુમતિકો વિનાશ કરે,
કબહૂં વિમલજ્યોતિ અંતર જગતિ હૈ;
કબહૂં દયાલુ હ્વૈ ચિત્ત કરત દયાલરૂપ,
કબહૂં સુલાલસા હ્વૈ લોચન લગતિ હૈ;
કબહૂં આરતી હ્વૈકે પ્રભુ સનમુખ આવે,
કબહૂં સુભારતી હ્વૈ બાહરિ બગતિ હૈ;
ધરે દશા જૈસી તબ કરે રીતિ તૈસી ઐસી,
હિરદે હમારે ભગવંતકી ભગતિ હૈ ।।

અમારા હૃદયમાં ભગવાનની જે ભક્તિ છે, તે ક્યારેક તો સુબુદ્ધિરૂપ થઈને કુબુદ્ધિને નષ્ટ કરે છે, ક્યારેક નિર્મળજ્યોતિરૂપે અંતરમાં ઝળકે છે, ક્યારેક દયારૂપ થઈને ચિત્તને દયાળુ બનાવે છે, ક્યારેક અનુભવની પિપાસારૂપ થઈને નેત્રોને સ્થિર કરે છે; વળી ક્યારેક આરતીરૂપ થઈને પ્રભુની સન્મુખ આવે છે, ક્યારેક સુંદર વચનોથી સ્તોત્ર બોલે છે; જ્યારે જેવી દશા થાય છે ત્યારે તેવી ક્રિયા કરે છે.

–આવી ભગવાનની ભક્તિ અમારા અંતરમાં વર્તે છે.

( પં. બનારસીદાસજી : સમયસાર–નાટક )

# ‘વિક્રમ’નું આધ્યાત્મિક-પરાક્રમ

**૧૬ મી વખત સમયસાર ઉપરનાં પ્રવચનો પૂર્ણ થતાં પોષ વદ છઠ્ઠના રોજ** समयसार–नाटक **ઉપર પ્રવચનોનો પ્રારંભ થયો છે; તે પ્રસંગે તેના કર્તાના જીવનનો આ સંક્ષિપ્ત પરિચય જિજ્ઞાસુઓને ઉપયોગી થશે.**

એમનું મૂળ નામ विक्रम. સં. ૧૬૪૩ના મહા સુદ ૧૧ના રોજ તેમનો જન્મ થયો. મધ્યભારતમાં રોહતપુર પાસે बिहोली ગામ છે; એક જૈનમુનિના પ્રભાવથી ત્યાંના ઘણા રજપૂતોએ જૈનધર્મ અંગીકાર કર્યો, તેમાં એક મૂલદાસજી; તેમના પુત્રનું નામ ખરગસેન. તેઓ પુત્રલાભની ઈચ્છાથી રોહતપુર સતિની યાત્રાએ ગયા ત્યાં રસ્તામાં ચોરોએ લૂંટી લીધા. તેમનો પુત્ર જ આ સંબંધમાં લખે છે કે–‘સતી પાસે પુત્ર માંગવા જતાં રસ્તામાં લૂંટાઈ ગયા; આવું પ્રગટ દેખવા છતાં મૂર્ખ લોકો સમજતા નથી, અને વ્યર્થ દેવ–દેવીની માનતા કરે છે.’ ફરીને પણ તે ખરગસેનજી ૧૬૪૩ માં યાત્રા કરવા ગયા. ત્યારપછી થોડા વખત બાદ તેમને પુત્ર થયો–એનું નામ વિક્રમજીત તે જ્યારે છ માસનો હતો ત્યારે તેમના પિતાજી તેમને તેડીને કાશી–બનારસની યાત્રાએ ગયેલા અને ત્યાંના પૂજારીની સૂચનાથી તે વિક્રમનું નામ બદલીને बनारसीदास નામ રાખ્યું.–તેઓ જ આપણા સમયસારનાટકના કર્તા. તેમણે પોતે પોતાની જીવનકથા લખી છે, તેનો થોડોક ભાગ અહીં વાંચતાં ખ્યાલમાં આવશે કે તેમનું જીવન કેવું અટપટું હતું? ને એવા અટપટા જીવનની વચ્ચે પણ એ વિક્રમે કેવું અધ્યાત્મિક પરાક્રમ કર્યું હતું!

પાંચમા વર્ષે તેને સંગ્રહણી રોગ થયેલો, જેમતેમ કરીને તે શાંત થયો ત્યાં શીતળાએ ઘેરો ઘાલ્યો; આ રીતે એક વર્ષ સુધી તે બાળકે અતીવ કષ્ટ ભોગવ્યું. સાત વર્ષની વયે શાળામાં પાંડે રૂપચંદજી પાસે તેમણે વિદ્યાભ્યાસ શરૂ કર્યો. અને બેત્રણ વર્ષમાં કુશળ થઈ ગયા.

લગભગ ચારસો વર્ષ પહેલાંના જે સમયનો આ ઇતિહાસ છે તે સમયે દેશમાં મુસલમાનોનું રાજ્ય હતું ને બાલવિવાહનો ઘણો પ્રચાર હતો; ૯ વર્ષની વયે ખેરાબાદના કલ્યાણમલજી શેઠની કન્યા સાથે બાલક બનારસીદાસની સગાઈ થઈ, અને ૧૧ વર્ષની વયે ( સં. ૧૬૫૪ ના મહા સુદ ૧૨ ) વિવાહ થઇ ગયા. જે દિવસે નવવધુ ઘરમાં આવી તે જ દિવસે ખરગસેનને ત્યાં એક પુત્રીનો જન્મ થયો, તથા તે જ દિવસે તેની વૃદ્ધ નાની મરણ પામી. એક જ દિવસે એક જ ઘરમાં ત્રણ પ્રસંગ બનતાં પંડિતજી લખે છે કે–

યહ સંસાર વિડંબના દેખ પ્રગટ દુઃખ ખેદ,
ચતુર ચિત્ત ત્યાગી ભયે, મૂઢ ન જાણે ભેદ.

સોળ વર્ષની યુવાવસ્થામાં તેમને કોઢનો રોગ થયો ને શરીર ગ્લાનિજનક બની ગયું; તે રોગ માંડમાંડ મટયો. યુવાવસ્થામાં દુરાચારના સંસ્કારથી હજાર ચોપાઈ–દોહાની એક શૃંગારપોષક પોથી તેમણે બનાવેલી, પણ પાછળથી સદ્બુદ્ધિ થતાં એ પોથી પશ્ચાત્તાપપૂર્વક ગોમતીનદીમાં ફેંકી દીધી હતી. સં. ૧૬૬૦ માં ફરી પાછી તેમને મોટી બીમારી થયેલ, ૨૧ લાંઘણ બાદ તેઓ નીરોગી થયા.

સં. ૧૬૬૧માં ( ૧૮ વર્ષની વયે ) એક સંન્યાસી–બાવાએ બનારસીદાસજીને જાળમાં ફસાવ્યા, એક મંત્ર આપીને એક વર્ષ સુધી તેના જાપ કરવાથી રોજ એક સોનામહોર આંગણામાં પડેલી દેખાશે–એમ કહ્યું. બનારસીદાસજી એની જાળમાં ફસાયા, ને મંડયા જાપ જપવા. માંડમાંડ વર્ષ પૂરું કર્યું ને સોનામહોરની ઉત્કંઠાથી આંગણું તપાસવા લાગ્યા, પણ કાંઈ મળ્યું નહિ. સંન્યાસીની આ બનાવટથી એમની આંખ ઊઘડી.

પણ વળી પાછા એક બીજા જોગીએ તેમને ફસાવ્યા; એક ‘શંખ’ આપીને કહ્યું કે આ સદાશિવ છે, તેની પૂજાથી મહાપાપી પણ શીઘ્ર મોક્ષ પામે છે.–બનારસીદાસજી મૂર્ખતાથી એ શંખની પૂજા કરવા લાગ્યા. આ મૂર્ખાઈ સંબંધમાં તેઓ લખે છે–

શંખરૂપ શિવ દેવ, મહાશંખ બનારસી,
દોઉ મિલે અબેબ, સાહિબ સેવક એકસે.

સં. ૧૬૬૧ માં હીરાનંદજી ઓસવાલે શિખરજીની યાત્રાનો સંઘ કાઢયો, ખરગસેનજી પણ તેની સાથે યાત્રા કરવા ચાલ્યા. એ વખતે રેલ્વે વગેરે ન હતી. તેથી યાત્રામાં એકાદ વર્ષ વીતી જતું. સંઘ ઘણા દિવસે યાત્રા કરીને પાછો આવ્યો ત્યારે

અનેક લોકો લૂંટાઈ ગયા, અનેક બીમાર થઇ ગયા ને અનેક મરી ગયા; ખરગસેનજી પણ રોગથી પીડિત થયા ને માંડમાંડ જોનપુર ઘરે પહોંચ્યા.

ખરગસેનજી શિખરજીની યાત્રાએ ગયા તે દરમિયાન પાછળથી બનારસીદાસજીને પાર્શ્વનાથની ( બનારસની ) યાત્રાનો વિચાર થયો, અને પ્રતિજ્ઞા કરી કે જ્યાંસુખી યાત્રા ન કરું ત્યાંસુધી દૂધ–દહીં–ઘી–ચાવલ–ચણા–તેલ વગેરે પદાર્થનો ભોગ નહીં કરું. આ પ્રતિજ્ઞાને છ મહિના વીતી ગયા. ત્યારબાદ કાર્તિકી પૂર્ણિમાએ ઘણા લોકો ગંગાસ્નાન માટે તથા જૈની લોકો પાર્શ્વનાથપ્રભુની યાત્રા માટે બનારસ તરફ ચાલ્યા, તેમની સાથે બનારસીદાસજી પણ કોઈને પૂછ્યા વિના બનારસ ચાલ્યા ગયા. ત્યાં ગંગાસ્નાનપૂર્વક ભગવાન પાર્શ્વનાથની ભાવસહિત દશ દિવસ પૂજા કરી, અને સાથે ત્યાં શંખપૂજા પણ કરતા હતા ! યાત્રા કરીને, શંખ સાથે લઈને હર્ષપૂર્વક તેઓ ઘરે આવ્યા.

એકવાર તેઓ ઘરની સીડી ઉપર બેઠા હતા, ત્યાં ખબર સાંભળ્યા કે અકબર બાદશાહનું મૃત્યુ થયું. તે સાંભળતાં જ આઘાતથી તેઓ સીડી ઉપરથી નીચે પડી ગયા, ને માથામાં ફૂટ થઇ તેથી કપડાં લોહીલૂહાણ થઈ ગયાં. આ પ્રસંગ પછી એકાન્તમાં બેઠાબેઠા એકવાર તેમને વિચાર આવ્યો કે–

જબ મૈં ગિર્યો પડયો મુરઝાય,
તબ શિવ કછુ નહિં કરી સહાય.

આ વાતનું સમાધાન ન થવાથી તેમણે શંખરૂપ સદાશિવનું પૂજન છોડી દીધું. તેમના વિચારોમાં પરિવર્તન થયું ને વિવેકજ્યોત જાગી; હવે શૃંગારરસ પ્રત્યે અરુચિ થવા લાગી. અને પશ્ચાત્તાપપૂર્વક પાપના ભયથી શૃંગારરસની પોથીને ગોમતીનદીમાં પધરાવી દીધી. તેમની પરિણતિમાં પરિવર્તન થયું ને તેમને ધર્મની ચાહના પ્રગટી, પહેલાં સંતાપ–રસના રસિયા બનારસી હવે જિનેન્દ્રના શાન્તરસમાં મગ્ન રહેવા લાગ્યા. પહેલાં ગલીકુંચીમાં ભટકનારા બનારસી હવે અષ્ટદ્રવ્યસહિત જિનમંદિરમાં જવા લાગ્યા. જિનદર્શન વગર ભોજનત્યાગની તેમને પ્રતિજ્ઞા હતી, આ ઉપરાંત વ્રત–નિયમ –સામાયિકાદિ આચારો પણ તેઓ કરવા લાગ્યા.

સં. ૧૬૬૭ માં ( ૨૪ વર્ષની વયે ) પિતાજીએ ઘરનો કારભાર બનારસીને સોંપી દીધો; અને બે મુદ્રિકા, ૨૪ માણેક, ૩૪ મણિ, નવ નીલમ, વીસ પન્ના, કેટલુંક પરચુરણ ઝવેરાત, તથા ૪૦ મણ ઘી, બે કૂંપા તેલ, બસો રૂપિયાનાં કપડાં અને કેટલીક

રોકડ રકમ આપીને વેપાર માટે આગ્રા મોકલ્યા. આગ્રાના મોતીકટરામાં તેમના બનેવીને ત્યાં ઊતર્યા ને વેપાર શરૂ કર્યો. ઘી, તેલ, કાપડ વેચીને તેની હૂંડી જૌનપુર મોકલી દીધી. તે વખતે આગ્રામાં ભલભલા લોકો ઠગાઈ જતા, પણ સદ્ભાગ્યે બનારસીદાસજી ઉપર કોઈની દ્રષ્ટિ ન પડી. છતાં અશુભ કર્મના ઉદયે તેમને ન છોડયા, રૂમાલમાં બાંધેલું ઝવેરાત ક્યાંક ગૂમ થઈ ગયું, જે કપડામાં માણેક બાંધ્યાં હતાં તે પોટલી ઊંદરડા તાણી ગયા; બે રત્નજડિત પોંચી જે શરાફને વેચી હતી તેણે બીજે જ દિવસે દિવાળું કાઢયું, એક રત્નજડિત મુદ્રિકા રસ્તામાં પડી ગઈ;–આમ ઉપરાઉપરી આપત્તિથી બનારસીનું હૃદય ક્ષુબ્ધ બની ગયું. પાસે જે કાંઈ વસ્તુ બચેલી તે વેચી વેચીને ખાવા માંડયું. અંતે પાસે કાંઈ ન રહ્યું ત્યારે બજારમાં જવાનું છોડી દીધું ને ઘરમાં જ રહીને પુસ્તક વાંચવા લાગ્યા. ચારપાંચ શ્રોતાજનો તેમની પાસે શાસ્ત્ર સાંભળવા આવતા. તેમાં એક કચોરીવાળો હતો, તેની પાસેથી રોજ કચોરી ઉધાર લઈને બનારસીદાસજી ખાતા હતા. ઘણા દિવસો બાદ તેને એકાન્તમાં કહ્યું કે ભાઈ, તમે ઉધાર કચોરી આપો છો પણ મારી પાસે તો કાંઇ છે નહીં કે આપને આપું.–માટે હવેથી ઉધાર આપવાનું બંધ કરો. પણ કચોરીવાળા ભલા આદમી હતા, ને બનારસીદાસજીની પરિસ્થિતિ જાણતા હતા; તેણે કહ્યું કે આપ પૈસાની પરવા ન કરશો, ચિન્તાની કોઈ વાત નથી, આપ ઉધાર લીધા કરો, સમય આવતાં બધું ચુકવાઈ જશે.–આ રીતે છ મહિના વીતી ગયા. એકવાર શાસ્ત્ર સાંભળવા તારાચંદજી નામના ગૃહસ્થ આવ્યા, તેઓ બનારસીદાસજીના શ્વસુર થતા હતા; તેઓ બનારસીદાસજીને પોતાને ત્યાં તેડી ગયા. બે માસ બાદ ફરીને તેમણે વેપાર શરૂ કર્યો. ને કંઇક ધન કમાયા, તેમાંથી કચોરીવાળાનો હિસાબ ચુકતે કરીને ચૂકવી આપ્યો, કુલ ૧૪ રૂા. થયા હતા. આગ્રા જેવા શહેરમાં બે વખત પુરી–કચોરીનું સાત માસનું ખર્ચ માત્ર રૂા. ૧૪ આવ્યું–એવા એ વખતે સસ્તા ભાવ હતા. આ પ્રસંગમાં કચોરીવાળા ભાઈએ પોતાના એક સાધર્મી પ્રત્યે સંકટ વખતે જે ઉદારભાવનાથી વાત્સલ્ય બતાવ્યું તે આ જમાનામાં અત્યંત અનુકરણીય છે. આજના જૈનસમાજને આવા વાત્સલ્યવંત ભાઈઓની ઘણી જરૂર છે. બનારસીદાસજીને વેપારમાં બે વર્ષે ૨૦૦ રૂા.ની કમાણી થઈ, ને એટલું જ ખર્ચ થયું. વેપારના અનેક પ્રયત્ન કર્યા પણ સફળતા ન મળી; અલીગઢની યાત્રાએ ગયા, ત્યાં પ્રબલ તૃષ્ણાવશ પ્રભુ પાસે લક્ષ્મીની પ્રાર્થના કરી.

આ દરમિયાન તેમની પત્નીને ત્રીજો પુત્ર થયો, પણ માત્ર પંદર દિવસ જીવીને

તે મૃત્યુ પામ્યો તે તેની માતાને પણ લઈ ગયો. પોતાની સાળી સાથે ફરી લગ્ન કર્યાં; સં. ૧૬૭૩ માં તેમના પિતાનો સ્વર્ગવાસ થયો. ત્યારબાદ તેઓ આગ્રા ગયા. આગ્રામાં પ્લેગનો ભયંકર પ્રકોપ થયો. લોકો ભયભીત થઈને જંગલમાં રહેવા ગયા. સં. ૧૬૭૬થી ૭૯ માં માતા, ભાર્યા તથા પુત્ર–ત્રણેનો સ્વર્ગવાસ થઈ ગયો. સં. ૧૬૮૦ માં ( ૩૭ મા વર્ષે ) ત્રીજી વાર લગ્ન કર્યાં.

આગ્રામાં અર્થમલ્લજી નામના અધ્યાત્મરસિક સજ્જન હતા, તેઓ બનારસીદાસજીની કાવ્યશક્તિ દેખીને આનંદિત થતા, પણ તેમાં અધ્યાત્મિકરસનો અભાવ દેખીને દુઃખ પણ થતું. તેમણે એકવાર અવસર પામીને પં. રાજમલ્લજી રચિત સમયસાર–કલશટીકા આપીને તેની સ્વાધ્યાય કરવા કહ્યું; પરંતુ ગુરુગમ વગર તેમને અધ્યાત્મ માર્ગની સૂઝ ન પડી. તેમને અને તેમના મિત્રોને આત્મસ્વાદ તો આવ્યો નહિ ને ક્રિયાઓનો રસ મટી ગયો, એકવાર તો નગ્ન થઇને કોટડીમાં ફરવા લાગ્યા, ને કહે કે અમે મુનિ થયા......એવામાં પં. રૂપચંદજી આગ્રામાં આવ્યા ને એકાન્તગ્રસિત બનારસીદાસજીને ગોમ્મટસારના અભ્યાસ દ્વારા ગુણસ્થાન–અનુસાર જ્ઞાનક્રિયાનું વિધાન સમજાવ્યું; તે સમજતાં તેમની આંખો ખૂલી ગઈ.–

તબ બનારસી ઔરહિ ભયો,
સ્યાદ્‌વાદપરણતિ પરિણયો;
સુનિ સુનિ રૂપચંદકે વૈન,
બાનારસી ભયો દિૄઢ જૈન.

હિરદેમેં કછુ કાલિમા, હુતી સરદહન બીચ,
સોઉ મિટિ, સમતા ભઈ, રહી ન ઊંચ ન નીચ.

કુંદકુંદાચાર્યદેવ રચિત સમયસારની જે ટીકા અમૃતચંદ્રાચાર્યદેવે કરી છે અને જે ટીકાના અધ્યાત્મરસઝરતા કળશો ઉપર પં. શ્રી રાજમલ્લજીએ ( બનારસીદાસજીની પૂર્વે સોએક વર્ષ પહેલાં ) અધ્યાત્મની ખૂમારીથી ભરપૂર કળશટીકા રચી છે, તે પંડિત બનારસીદાસજીને અત્યંત પ્રિય હતી; તે કળશટીકા–સંબંધમાં તેઓ લખે છે કે–

પાંડે રાજમલ્લ જિનધર્મી સમયસારનાટકકે મર્મી,
તિન્હેં ગ્રંથકી ટીકા કીની બાલબોધ સુગમ કર દીની.

આ કળશટીકા ઉપરથી આપણા કવિરાજે છંદબદ્ધ પદ્યરૂપ નાટક–સમયસારની

રચના કરી; સં. ૧૬૯૩ ના આસો સુદ ૧૩ ને રવિવારે તે પૂર્ણ થઇ. તે વખતે આગ્રામાં બાદશાહ શાહજહાંનું રાજ્ય હતું. પંડિતજીએ પંચાવન વર્ષ સુધીનું પોતાનું કથાનક (જે અર્ધકથાનક કહેવાય છે તે) લખ્યું છે. ત્યારપછી લોકવાયકાઅનુસાર કેટલાક પ્રસંગોનો ઉલ્લેખ સમયસારનાટકની પીઠિકામાં છે. પં. શ્રી બનારસીદાસજીની મુખ્ય રચના સમયસાર–નાટક, તે ઉપરાંત બનારસીવિલાસ, જિનેન્દ્રદેવના ૧૦૦૮ નામોની નામમાળા (સહસ્રઅષ્ટોત્તરી), અર્ધકથાનક (આત્મકથા), અને પરમાર્થ–વચનિકા તથા ઉપાદાન–નિમિત્તની ચિઠ્ઠી તેમણે લખેલ છે. પં. શ્રી બનારસીદાસજીનું જીવન પહેલાં કેવું હતું ને પછી અધ્યાત્મરસવડે કેવું ઊજવળ બન્યું તે આપણને તેમના જીવનચરિત્રમાં દેખાય છે, ને અધ્યાત્મરસમય ઊજવળ જીવનની પ્રેરણા આપે છે. જૈનશાસનમાં ભગવાન તીર્થંકર દેવથી માંડીને એક નાનામાં નાના સમ્યગ્દ્રષ્ટિનું જીવન પણ ઊજવળ, પ્રશંસનીય ને આરાધનાથી પ્રેરણા દેનારું છે; તે ધર્મજીવન ધન્ય છે.

# પ્રભુતાની પ્રસાદી

* ગુરુદેવ કહે છે : હે જીવ! તારામાં પ્રભુતા ભરી છે.

* પ્રભુતામાં એવી કોઇ રાંકાઈ નથી કે બીજા પાસે સુખ માંગે.

* પ્રભુતાથી ભરેલો આત્મા પોતાના સ્વભાવ બળથી જાગ્યો ત્યાં તે કોઇથી હારે નહીં... પોતાના સ્વભાવનો ભંડાર ખોલીને તે પૂર્ણ સુખ અને પૂર્ણ જ્ઞાનને પ્રાપ્ત કરે છે.

* ચૈતન્યની પ્રભુતાને જાણતાં જીવ જગત્પૂજ્ય પદવી પામે છે.

* તારે પરમેશ્વર પાસે પહોંચવું છે?........હા. તો અંતરમાં પ્રભુતા ભરી છે તેનો સ્પર્શ કર. રાગના સ્પર્શ વડે તું દુઃખી થયો ને પરમાત્મા તારાથી દૂર થયા; હવે તું રાગથી દૂર થઇને પરમાત્માની નજીક થવા, તારા આત્માની પ્રભુતાને દેખ, તેને અનુભવમાં લે. તેના અનુભવથી તું પોતે પરમાત્મા થઇશ.


* સમ્યગ્દર્શન આપે, સમ્યગ્જ્ઞાન આપે, સમ્યક્ચારિત્ર આપે, પરમ આનંદ આપે, એવો પ્રભુ આત્મા પોતે જ છે.... તેને હે જીવો! તમે ઓળખો.

અહા, આત્માની વીરતા કેવી અદ્ભુત...કે જે સાંભળતાં પણ આત્મામાં વીરતાનો ઉત્સાહ જાગે! વાહ! પ્રભુતાથી ભરેલો આત્મા....તેની વીતરાગતાની શી વાત! રાગમાં તે વીરતા નથી. રાગથી પાર અંતરમાં ચૈતન્યના અનુભવમાં અનંત ગુણના નિર્મળ સામર્થ્યરૂપ વીરતા છે.

# "नाटक सुनत हीये फाटक खुलत है"



# સમયસાર–નાટક દ્વારા શુદ્ધાત્માનું શ્રવણ કરતાં હૈયાનાં ફાટક ખુલી જાય છે



**[ સમયસાર નાટક ઉપરનાં પ્રવચનોમાંથી પ્રસાદી-૧ ]**

* પોષ વદ છઠ્ઠે : સમયસાર ૧૬ વખત પૂરું થયું; હવે પ્રવચનમાં આ સમયસાર––નાટક શરૂ થાય છે.

* પં. રાજમલ્લજીએ જે સમયસાર કલશટીકા રચી છે તે ઘણી અધ્યાત્મરસવાળી છે. તે વાંચીને પં. બનારસીદાસજીએ આ સમયસાર–નાટક બનાવ્યું છે, તેમાં પણ અધ્યાત્મના ઊંડા ભાવો ખોલ્યા છે. તે સમયસારનાટકનું આજે મંગલાચરણ થાય છે.

* અહા, નિજસ્વરૂપનો પરમરસ જેમાં અપાર ભર્યો છે અને જે પરમ આનંદમય છે–એવા સમયસારરૂપ શુદ્ધ આત્માને આ સમયસાર દેખાડે છે. આ સમયસાર–શાસ્ત્ર અને તેના વાચ્યરૂપ આવો શુદ્ધઆત્મા તેને નમસ્કાર હો.

* પં. બનારસીદાસજી પણ આત્માના રસિક હતા; ગૃહસ્થ હોવા છતાં આત્માના રસિયા હતા; તે મહાન અધ્યાત્મરસિક કવિ હતા. પહેલાં તો શૃંગારરસમાં મગ્ન હતા, પછી શૃંગારરસમાંથી ગુલાંટ મારીને ચૈતન્યના અધ્યાત્મરસનો અનુભવ કર્યો અને તે અધ્યાત્મરસને કવિતામાં ઘોળ્યો છે.

* પં. બનારસીદાસજી મંગલાચરણમાં પાર્શ્વનાથ પરમાત્માની સ્તુતિ કરતાં કહે છે કે–અહો! ભગવાનની વીતરાગમુદ્રા નીરખતાં ભવ્યજીવનાં નેત્રમાં હરખનાં આંસુ ઊભરાય છે. જે ભગવાનનો આત્મા પરમ વીતરાગ શાંતરસરૂપ થઈ ગયો છે, જેમના દેહની મુદ્રામાં પણ અત્યંત નિર્વિકાર શાંતરસ ઝળકે છે–એવા અરિહંત ભગવાનને દેખતાં ભવ્યજીવના અંતરમાં આનંદ ઊભરાય છે, આનંદનાં ઝરણાં ઝરે છે. અંતરમાં પોતાના ચૈતન્યપ્રભુને, અને બહારમાં વીતરાગ અરિહંત પરમાત્માને જીવે કદી યથાર્થરૂપે

દેખ્યા નથી; એને દેખતાં ભવ્યજીવનું હૃદયસરોવર પ્રસન્નતાથી ઊભરાય છે. અહા! પરમાત્માને જોતાં કોને આનંદ ન થાય?

પ્રભો! આપ સોનાના પહાડ જેવા છો. સોનાનો પહાડ એટલે મેરુપર્વત; જેમ ગમે તેવા પવનથી પણ મેરુપર્વત ડગે નહીં તેમ હે પ્રભો! દુષ્ટ કમઠના ઘોર ઉપસર્ગોરૂપી પવનથી જરા પણ નહિ ડગનારા આપ મેરુપર્વત જેવા અડોલ છો; તીવ્ર આંધીના ઉપસર્ગથી પણ આપ ડગ્યા નહીં. ધવલ–ઉજ્વલ–પવિત્ર એવા સિદ્ધપદમાં, એટલે કે આત્માના શુદ્ધસ્વરૂપમાં જ આપ રમણ કરનારા છો. પરમપદ એવો જે શુદ્ધઆત્મસ્વભાવ, તેમાં આપ રમનારા છો.

જુઓ, આવા ભગવાનને ઓળખીને જેણે નમસ્કાર કર્યા તે જીવ રાગમાં રમણતા કરવાનું માને નહીં એટલે કે રાગથી લાભ માને નહીં. જીવ જેનાથી લાભ માને તેમાં રમણતા કરે. રાગથી લાભ માને તે રાગમાં જ રમણતા કરે, પણ રાગની રમણતાથી છૂટીને સ્વભાવની રમણતા કરી શકે નહીં.

અહીં તો કહે છે કે અહો! ભગવાન તો આત્માના પરમ શુદ્ધસ્વરૂપમાં રમનારા છે. એટલે કે હે જીવ! તું પણ શુદ્ધ આત્માનો રમક થા; ને પરભાવોની રમણતાને છોડ.–આવું વસ્તુસ્વરૂપ લક્ષમાં લ્યે તો જ સ્વભાવમાં રમનારા ભગવાનની સાચી સ્તુતિ થાય છે.

હે જિન! ભવ્યજીવોરૂપી જે સાચા કમળ તેને પ્રફુલ્લિત કરવા માટે આપ સૂર્ય સમાન છો. આપને દેખતાં જ ભવ્ય જીવનું હૃદય આનંદથી ખીલી ઊઠે છે; અંતરમાં આપને દેખતાં (એટલે કે આપના જેવા પોતાના સર્વજ્ઞસ્વભાવી આત્માને દેખતાં) ભવ્ય જીવનાં શ્રદ્ધા–જ્ઞાનાદિ ગુણો આનંદસહિત ખીલી ઊઠે છે. જ્યાં હજારો કિરણોથી ઝગઝગાટ કરતો સૂરજ ઊગે ત્યાં હજાર–હજાર પાંખડીવાળા કમળ એની મેળે ખીલી ઊઠે છે, સૂરજ ઊગે ત્યારે ખીલવાનો એનો સ્વભાવ છે. તેમ જગતમાં જ્યાં તીર્થંકરરૂપી કેવળજ્ઞાનસૂર્ય ઊગે ત્યાં અનેક ભવ્યજીવોરૂપી કમળ સમ્યગ્દર્શનાદિ પામીને અનંતગુણથી ખીલી ઊઠે છે. શ્રી પદ્મનંદી સ્વામી કહે છે કે–અહો જિનેન્દ્રદેવ! આ ચર્મચક્ષુથી પણ આપને દેખતાં અમને જે અપાર હર્ષ થાય છે તે કહી શકાતો નથી, તો પછી અંતરના અતીન્દ્રિય જ્ઞાનચક્ષુ વડે આપને દેખતાં

–અનુભવતાં જે પરમઆનંદનો અનુભવ થાય–તેની શી વાત!! એમ કહીને પર તરફનો વિકલ્પ તોડીને સ્વ તરફ વળવાની વાત પણ બતાવી દીધી. આ રીતે કેવળજ્ઞાનના અનંત કિરણોથી ઝળકતા ચૈતન્યસૂર્ય એવા ભગવાનને દેખતાં અને તેમની વાણી સમજતાં ભવ્યજીવરૂપી કમળ પ્રફુલ્લિત થઈને ખીલી ઊઠે છે.–સમ્યક્ત્વાદિથી આનંદિત થઈને તેની પર્યાય વિકસી જાય છે.–આવા ભાવસહિત પાર્શ્વનાથ પ્રભુને નમસ્કાર કરીને મંગલાચરણ કર્યું છે.

હે પારસ–જિનેન્દ્ર! જગતમાં લોઢાને સોનું બનાવનાર પારસ પ્રખ્યાત છે, પણ આપ તો આત્માને પરમાત્મા બનાવનારા પારસ છો. આપે બતાવેલા આત્માનો સ્પર્શ થતાં–અનુભવ થતાં આત્મા પોતે પરમાત્મા થઈ જાય છે. અહો! અંતરમાં સ્પર્શ થઈને જાણે તેજસ્વી–સૂર્ય જાગ્યો. બનારસીદાસજી કહે છે કે અહો પ્રભો! આપની જન્મપુરી જે બનારસ, તેના પ્રભાવથી અમે અમારું આત્મસ્વરૂપ દેખ્યું છે.–જાણે સૂર્યની જ્યોત પ્રગટી, એવા સ્પષ્ટ સ્વસંવેદન–પ્રત્યક્ષ જ્ઞાનમાં અતીન્દ્રિય અનુભવરસનો સ્વાદ આવ્યો. પોતાની અનુભવદશાની પોતાને બરાબર ખબર પડે છે, અનુભવમાં આત્મરસનો સાક્ષાત સ્વાદ પોતાને આવે છે.

અરિહંત ભગવાન પછી સિદ્ધ ભગવાનની સ્તુતિ કરતાં કહે છે કે મોક્ષપદને પામેલ સિદ્ધભગવંતોના અસંખ્યપ્રદેશ અતીન્દ્રિયસુખથી ભરેલા છે તેથી તેઓ પરમ રસધામ છે; અસંખ્યપ્રદેશી ચૈતન્યધામ અપૂર્વ સુખરસથી ભરેલું છે.–સિદ્ધભગવાન એકલા પૂર્ણ આનન્દરસના જ ધામ છે. અહો, આત્મામાંથી જ અનંત અતીન્દ્રિય આનંદ પ્રગટ થયો છે. તેમનું સુખ તે જ ઉત્કૃષ્ટ સુખ છે. તેઓ જગતમાં સૌથી શ્રેષ્ઠ છે અને લોકના શિરે તેમનો વાસ છે તેથી તેઓ જગતના શિરોમણિ છે, એવા સિદ્ધભગવાન સદા જયવંત છે. તેમને જયવંત કહીને પોતાના હૃદયમાં તેમનો આદર કર્યો તે મંગળ છે.

અરિહંત અને સિદ્ધભગવાનની સ્તુતિ પછી સાધુમુનિરાજની સ્તુતિ કરતાં કહે છે કે અહો! વીતરાગમાર્ગી સાધુઓ તો અંતરના અનુભવવડે જ્ઞાનના પ્રકાશક છે. સમ્યગ્જ્ઞાનનો પ્રકાશ તેમને ઝળકી રહ્યો છે. તેઓ સહજ સુખના સાગર છે. આત્માના જ અનુભવથી થયેલા સહજ સુખના એ દરિયા છે ને વીતરાગરસથી ભરિયા છે. મુનિ તો સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર વગેરે ઉત્તમ–

ગુણોરૂપી રત્નથી ભરેલા રત્નાકર છે; સુગુણોના તે સમુદ્ર છે. જૈન મુનિ તો આવા ઉત્તમ હોય છે; તેમને ઓળખીને અહીં નમસ્કાર કરીએ છીએ. જુઓ, પંચમહાવ્રતના રાગવડે કે દિગંબર શરીરવડે મુનિને ન ઓળખાવ્યા પણ વીતરાગી ગુણરત્નોની ખાણ કહીને તેમને ઓળખાવ્યા. ગુણવડે ઓળખવા તે જ સાચી ઓળખાણ છે. અહો! આવા મુનિવરોના મુખકમળથી તો મોક્ષ માર્ગનાં વીતરાગી અમૃત ઝરે છે.

જુઓ, શાસ્ત્રરચનાના મંગલ પ્રસંગમાં પંચપરમેષ્ઠી ભગવંતોને યાદ કરી કરીને બોલાવે છે. જેમ સંસારમાં લગ્નપ્રસંગે સગાંવહાલાંને બોલાવે છે તેમ અહીં ચૈતન્યને સાધવાની લગનીના પ્રસંગે સાધક પોતાનાં સગાંવહાલાંને બોલાવે છે; સાધકનાં સગાંવહાલાં તો પંચપરમેષ્ઠી અને સમ્યગ્દ્રષ્ટિ ધર્માત્માઓ છે; તેને યાદ કરીને મંગલમાં નમસ્કાર કરે છે.

અહો, મુનિવરો બીજાના શરણરૂપ પરાશ્રયની રીતને છોડે છે, અને મરણના ભયને છોડે છે. ધ્રુવ ચૈતન્યનું શરણ લીધું ત્યાં મરણની બીક કેવી? ઇન્દ્રિયોરૂપ કરણથી પાછા હટીને વીતરાગ ચારિત્રમાર્ગને તેઓ અનુસરી રહ્યા છે. અરે! વિકલ્પનું કે ઇન્દ્રિયોનું શરણું અમને કેવું? ચૈતન્યની અનુભૂતિમાં કોઈ બીજાનું આલંબન નથી. આવા માર્ગમાં મૃત્યુનો ભય કેવો? અરૂપીચૈતન્યશરીર હું, મને મારનાર કોણ છે? મારું મરણ છે જ નહીં. આમ નિઃશંકતાપૂર્વક નિર્ભયપણે મુનિઓ આત્માને સાધે છે. ઇન્દ્રિયાતીત થઈને આત્માની વીતરાગી શાંતિને અનુભવે છે. અહા! આવા સંતો તે જગતની શોભા છે. આવા વીતરાગ આનંદમાં ઝુલતા મુનિવરોવડે ધર્મની શોભા છે. મુનિઓ વીતરાગ ધર્મના ભૂષણસ્વરૂપ છે, ધર્મને શોભાવનારા છે. ને ભ્રમનું ખંડન કરનારા છે. વીતરાગ ધર્મનું મંડન કરે છે ને ભ્રમણાનું ખંડન કરે છે. યથાર્થ ધર્મનો ઉપદેશ દેનારા છે એટલે ધર્મને શોભાવનારા છે ને મિથ્યાત્વનો નાશ કરનારા છે. વળી કર્મોની સાથે અત્યંત શાંતિપૂર્વક લડે છે, અર્થાત્ વીતરાગ ભાવવડે કર્મનો નાશ કરે છે. લડવું અને પાછી શાંતિ! તો કહે છે કે હા! મુનિવરો પરમ શાંત ભાવવડે જ કર્મો સામે લડીને તેનો નાશ કરે છે.–આવા જે મુનિવરો પૃથ્વીલોકમાં બિરાજમાન છે તેમને ઓળખીને બનારસીદાસજીએ અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કર્યા છે. અહો! જગતના શિરોમણિ આવા મુનિભગવંતો જગતની

શોભા છે, તેઓ વંદનીય છે. આવા મુનિની ઓળખાણ અને તેમનાં દર્શન એ મહાન મંગળ છે.

વાહ, જુઓ તો ખરા! પંડિતજીએ અદ્ભુત કાવ્યશક્તિને અધ્યાત્મરસમાં કેવી ઉતારી છે! તેમણે પહેલાં અજ્ઞાનદશામાં શૃંગાર રસની રચના કરેલી, પણ પછી પશ્ચાત્તાપ થતાં તે શૃંગારરસની પોથીને પાણીમાં ઝબોળી દીધી, ને તેને બદલે ચૈતન્યરસને ઘૂંટી ઘૂંટીને સમયસાર–નાટકની આવી સરસ અધ્યાત્મરચના કરી છે. તેના મંગલાચરણમાં અરિહંત–સિદ્ધ અને સાધુની સ્તુતિ કરી; હવે સમ્યગ્દ્રષ્ટિની અદ્ભુત શાંતદશા દેખીને તેને પણ વંદન કરે છે.

સમ્યગ્દ્રષ્ટિની અંતરદશા પણ અલૌકિક છે. આત્માના વીતરાગી શાંતરસનો અનુભવ કરતા–કરતા સમ્યગ્દ્રષ્ટિ જીવો મોક્ષમાર્ગમાં મોજ કરે છે; આનંદની કેલિ કરતા–કરતા કેવળી પ્રભુના માર્ગમાં ચાલ્યા જાય છે, ને શિવપંથને સાધી રહ્યા છે. અવિરત સમ્યગ્દ્રષ્ટિને પણ મોક્ષમાર્ગી કહ્યો છે. જેમ રાખથી ઢાંકેલ અગ્નિની ચીનગારી હોય, તેમ ચાંડાળ વગેરેના દેહરૂપી રાખથી ઢંકાયેલો અંદર ચૈતન્યની ચીનગારી જેવો સમ્યગ્દ્રષ્ટિઆત્મા અલૌકિક શાંતરસવડે મોક્ષને સાધી રહ્યો છે. જુઓ, અવિરત સમ્યગ્દ્રષ્ટિ–ગૃહસ્થને પણ મોક્ષમાર્ગમાં કેલિ કરનાર કહ્યો છે. સમન્તભદ્રસ્વામીએ રત્નકરંડ–શ્રાવકાચારમાં પણ એમ જ કહ્યું છે કે સમ્યગ્દ્રષ્ટિ–નિર્મોહી ગૃહસ્થ તો મોક્ષમાર્ગમાં રહેલો હોવાથી પ્રશંસનીય છે; પણ સમ્યગ્દર્શન વગરનો મિથ્યાદ્રષ્ટિજીવ સાધુ થાય તોપણ મોક્ષમાર્ગી નથી તેથી તે પ્રશંસનીય નથી.

સમ્યગ્દ્રષ્ટિ જીવ જિનેશ્વરદેવનો લઘુનંદન છે, નાનો પુત્ર છે; તે પણ સર્વજ્ઞદેવનો વારસદાર છે. મુનિવરો તો સર્વજ્ઞના મોટા પુત્ર છે, ને અવિરત સમ્યગ્દ્રષ્ટિ તે સર્વજ્ઞનો નાનો પુત્ર છે, સર્વજ્ઞના માર્ગને અનુસરનારો તે પણ અલ્પકાળમાં કેવળજ્ઞાનનો વારસો લેનાર છે, તેથી તે જિનેશ્વરદેવનો લઘુનંદન છે....તેને અહીં વંદન કર્યાં છે.

'નાટક સુનત હિયે ફાટક ખુલત હૈ' –આ લેખમાળા આત્મધર્મમાં આ અંકથી ચાલુ થાય છે, તે આખા વર્ષ દરમિયાન ચાલુ રહેશે, અને સમયસાર નાટક ઉપરના પ્રવચનોમાંથી ભાવભીનું દોહન તેમાં આપવામાં આવશે; જિજ્ઞાસુઓને તે ખૂબ જ ગમશે. (સં.)



# ❈ भगवान पारसनाथ ❈



[ લેખાંક ૭ : ગતાંકથી ચાલુ ]

**ભગવાન પારસનાથની પવિત્ર કથા ચાલી રહી છે. પૂર્વના દશમા ભવે મરૂભૂતિ, પછી હાથી, સ્વર્ગ, અગ્નિવેગમુનિ, સ્વર્ગ, વજ્રચક્રવર્તી, સ્વર્ગ, આનંદમુનિ અને સ્વર્ગના ભવ પુરા કરીને આપણા કથાનાયક વારાણસી નગરીમાં તેવીસમા તીર્થંકર તરીકે અવતરી ચુક્યા છે, ને એક વખત વનવિહાર કરવા નીકળ્યા છે; તે વખતે એક ઘટના બની. શું બન્યું ? તે આપ અહીં વાંચશો.**

વનવિહાર કરવા માટે નીકળેલા ભગવાન પારસકુમારની સાથે તેમનો મિત્ર સુભોમકુમાર પણ હતો. રાજકુમાર પારસનાથને દેખીને જનતા બહુ આનંદિત થતી હતી; અરે, વનમાં હરણ વગેરે પશુઓ પણ પ્રભુને દેખીને આશ્ચર્ય પામતા ને શાંતચિત્તે નીરખી રહેતા–કે અરે ! આ કોઇ મહાપુરુષ છે કે જેને દેખીને અમને ભય નથી થતો પણ શાંતિ થાય છે! વનમાં ફૂલઝાડ પણ પ્રભુને દેખીને ખીલી ઊઠયાં. વનની શાંત કુદરતી શોભા નિહાળતા–નિહાળતા રાજકુમાર વિચારી રહ્યા છે કે મારે પણ હવે વનવિહારી થવાનો સમય નજીકમાં જ છે. આમ ઉત્તમ ભાવનાઓપૂર્વક વનવિહાર કરી રહ્યા હતા; એવામાં એક પ્રસંગ બન્યો.....વનમાં તેમણે એક તાપસ બાવાને દેખ્યો. કોણ છે એ તાપસ ? તે જાણવા માટે આપણે તેમના પૂર્વભવો તરફ જરાક નજર કરવી પડશે.

પારસનાથ ભગવાન પૂર્વભવમાં જ્યારે અગ્નિવેગમુનિ હતા ત્યારે, તેમના ભાઈ કમઠનો જીવ અજગર થઇને તેમને ખાઇ ગયો હતો; ને નરકમાં ગયો હતો; પછી તે કમઠનો જીવ શિકારી થયો ને તેણે વજનાભિ–મુનિને મારી નાંખ્યા; પછી તે સિંહ થઈને આનંદ–મુનિને ખાઇ ગયો. ત્યાંથી પાંચમી નરકમાં જઈને તેણે ઘણાં દુઃખો ભોગવ્યા તેમજ તિર્યંચ ગતિમાં ત્રણ સાગર સુધી રખડયો. અંતે તે જીવ મહિપાલનગરીમાં મહિપાલ નામનો રાજા થયો. પારસનાથની માતા બ્રહ્મદત્તા, તે આ મહિપાલ રાજાની જ પુત્રી હતી, એટલે પારસકુમાર તેમના દોહિત્ર ( દીકરીના દીકરા ) થાય. તે મહિપાલની

રાણીનું મરણ થતાં દુઃખને લીધે તે તાપસ થયો હતો; સાતસો તાપસ તેના શિષ્ય હતા; અજ્ઞાનપૂર્વકના કુતપ તે કરતો હતો. સાતસો તાપસો સાથે ફરતા ફરતા તે મહિપાલતાપસ આ બનારસી નગરીમાં આવ્યો હતો ને વનમાં પંચાગ્નિ તપતો હતો.... અગ્નિમાં લાકડાં બાળતો હતો.

–એવામાં પારસકુમાર પણ તેમના મિત્રો સાથે વનવિહાર કરતાં કરતાં ત્યાં આવી પહોંચ્યા, ને તેમણે મહિપાલતાપસને દેખ્યો. તેને દેખીને પણ પારસકુમારે વંદન–નમસ્કાર ન કર્યા. અરે, સામાન્ય શ્રાવક પણ કદી કુગુરુને ન નમે તો પછી આ તો પારસતીર્થંકર, તે કુગુરુને કેમ નમે ?

રાજકુમારે પોતાનો આદર ન કર્યો તેથી મહિપાલ તાપસના મનમાં ક્રોધ થયો.... જાણે પૂર્વભવના ક્રોધસંસ્કાર ભભૂકી ઊઠયા : અરે, હું આવો મહાન તાપસ–બાવો ! ને આ રાજકુમારનો વડીલ; છતાં તે મને નમન નથી કરતો; તેને રાજ્યનું અભિમાન હશે; પરંતુ હું પણ તેના જેવું જ રાજ્ય છોડીને તાપસી થયો છું; વળી હું તેની માતાનો પિતા થાઉં છું, છતાં આ અભિમાની કુંવર મારો વિનય કરતો નથી. આ પ્રમાણે તે અજ્ઞાની–ગુરુ મનમાં ને મનમાં ક્રોધ કરવા લાગ્યા.

શાંત અને ગંભીર એવા ભગવાન પાર્શ્વકુમાર તો એમને એમ શાંતિથી ઊભા રહ્યા; તેમનું ચિત્ત ઘણું દયાળુ હતું; પણ ખોટા કુગુરુ–તાપસ વગરવિચાર્યે ક્રોધમાં આવી ગયા, અને બોલવા લાગ્યા કે હું મહાન તપસ્વી છું અને પાર્શ્વકુમારની માતાનો પિતા છું છતાં આ અજ્ઞાની કુમાર મને નમસ્કાર કર્યા વગર અવિવેકપણે ઊભો છે !

ત્યારે પાર્શ્વકુમારનો મિત્ર સુભોમકુમાર કહેવા લાગ્યો કે હે બાવાજી ! 'હું ગુરુ છું ને હું મોટો તપસ્વી છું' એમ સમજીને તમે ભારે અભિમાન કરી રહ્યા છો. પણ તમને ખબર નથી કે મિથ્યાત્વસહિતના આ કુતપથી ને હિંસાથી તો જીવ અહીં પણ દુઃખી થાય છે, ને પરલોકમાં પણ દુઃખી થાય છે. કાયા અને કષાયોથી જુદા આત્માનો જ્યાં સુધી અનુભવ ન થાય ત્યાં સુધી સાચું તપ હોતું નથી. તમારા આ અજ્ઞાનમય પંચાગ્નિતપમાં તો છકાય જીવોની હિંસા થાય છે; તેથી તે કુતપ છે, તેનાથી આત્માનું જરાપણ હિત નથી.

સુભોમકુમારની એ વાત સાંભળીને મહિપાલદાદાને વધારે ક્રોધ ચડયો; તે કહેવા લાગ્યા કે–તું મને ઉપદેશ દેનાર કોણ ? આ રાજકુમાર હજી નાનો છોકરો છે,

એને મારા તપની શું ખબર પડે? ‘હું તીર્થંકર છું’ એમ સમજીને આ બાળક મારા મહાન તપની અવજ્ઞા કરી રહ્યો છે. મારા તપના મહિમાની તમને ખબર નથી તેથી તમે બકવાદ કરી રહ્યા છો. પંચાગ્નિ વચ્ચે બેસવું, વાયુભક્ષણ વડે જીવવું, હાથ ઊંચા કરીને એક જ પગે લાંબોકાળ સુધી ઊભા રહેવું, કંદમૂળ ને ઝાડપાન ખાઈને જીવવું,–એ પ્રમાણે સંતાપ કરનાર તપ કેટલો કઠિન છે? આવા તપશ્ચરણથી ઊંચો બીજો કોઈ ધર્મ નથી.

–એમ કહીને તે અજ્ઞાની તાપસ કુહાડી વડે લાકડા ફાડી ફાડીને અગ્નિમાં હોમવા લાગ્યો. એક મોટું લાકડું કાપીને અગ્નિમાં હોમતો હતો........

–એવામાં અચાનક ભગવાન પારસકુમાર હાથ ઊંચો કરીને ગંભીર સ્વરે બોલી ઊઠયા : સબુર કરો..... સબુર કરો.... (અવધિજ્ઞાનથી તેમણે જાણી લીધું કે આ લાકડામાં બે સર્પ બેઠા છે, તે કુહાડાથી કપાઈ ગયા છે, ને હમણાં અગ્નિમાં હોમાઈ જશે! તેથી દયાવંત ભગવાન બોલી ઊઠયા કે સબુર કરો...)એ લાકડાંને અગ્નિમાં ન નાખો!

અજ્ઞાની તાપસ બોલી ઊઠયો : તું મને રોકનાર કોણ? (તે તાપસને ખબર ન હતી કે આ લાકડામાં બે નાગ બેઠા છે.)

ભગવાને કહ્યું :– તમે જે લાકડું કાપો છો તેમાં બે સર્પ બેઠા છે, તે પણ કપાઇ ગયા છે ને અગ્નિમાં બળી જશે......માટે આવી જીવહિંસા ન કરો...ન કરો.

અવધિજ્ઞાની પારસકુમારની એ વાત સાંભળીને પણ તાપસે વિશ્વાસ ન કર્યો; તેણે કહ્યું–તું વળી એવો કયો ત્રિકાળજ્ઞાની થઇ ગયો કે તેં આ લાકડામાં સર્પ દેખ્યા? તું તો નકામો અમારા હોમહવનમાં વિઘ્ન કરે છે.

ત્યારે સુભોમકુમારે કહ્યું :– બાબા! આ ભગવાન પારસનાથ અવધિજ્ઞાની છે, તેમનું વચન કદી અસત્ય હોય નહીં. તમારે ખાતરી કરવી હોય તો લાકડું ચીરીને જુઓ.

મહિપાલ તાપસ (કે જે કમઠનો જીવ છે) તેણે ક્રોધમાં ને ક્રોધમાં કુહાડો લઇને લાકડું કાપ્યું; ત્યાં તો અંદરથી તડફડતા બે સર્પ નીકળ્યા. તેમના શરીરનાં બે કટકા થઈ ગયા હતા ને દુઃખથી બિચારા ધ્રૂજતા હતા. તેઓ પારસપ્રભુની સન્મુખ ટગટગ નજરે જોઈ રહ્યા;– જાણે કે તેમને દુઃખથી છોડાવવા વિનંતિ કરતા હોય!

સર્પને દેખીને માણસો તો ચકિત થઈ ગયા; ચારેકોર હાહાકાર થઈ ગયો..... મહિપાલ તાપસ પણ ઘડીક તો આશ્ચર્ય પામી ગયો.

પ્રભુએ સર્પ ઉપર નજર કરી; પ્રભુની દ્રષ્ટિ પડતાં બંને સર્પો ઘણી શાંતિ પામ્યા. ધીર–ગંભીર અવાજે પ્રભુ બોલ્યા : અરે! જીવોને કેટલું અજ્ઞાન છે! જ્યાં આવી જીવહિંસા હોય ત્યાં કદી ધર્મ હોઇ શકે નહીં.

તાપસ અભિમાનથી કહેવા લાગ્યો–તું મને ઉપદેશ દેનાર કોણ? હું તો સાતસો તાપસ શિષ્યોનો ગુરુ છું!

હજી પણ તેની આવી અવિવેકી વાત સાંભળીને, સુભોમકુમાર કહેવા લાગ્યા– અરે મા’રાજ! અમે નથી તો તમને ગુરુ માનતા, કે નથી તમારો તિરસ્કાર કરતા. પરંતુ આપ્ત સર્વજ્ઞ–વીતરાગદેવ તથા તેમણે કહેલો વીતરાગ–અહિંસારૂપ માર્ગ, તેને છોડીને અજ્ઞાનથી તમે મિથ્યાત્વ અને ક્રોધાદિ કષાયને વશ થઇને, યજ્ઞના નામે છકાય જીવોની હિંસામાં પ્રવર્તી રહ્યા છો, ને તે ખોટા માર્ગ વડે મોક્ષ મેળવવાની ચાહના કરો છો, તે તો માત્ર ફોતરાં ખાંડીને ચાવલની આશા કરવા જેવું અજ્ઞાન છે; જેમ પાણીને વલોવવાથી ઘી મળતું નથી તેમ આવી અજ્ઞાનક્રિયાઓ વડે ધર્મ થતો નથી. કોઇ આંધળો માણસ અગ્નિથી બચવા માટે દોડયો ને અગ્નિના કુંડમાં જ જઇને પડયો! તેમ અજ્ઞાનથી અંધ જીવો હિંસાદિ કષાય વડે સંસારના દાવાનળમાંથી બચવા માંગે છે; પણ આ અજ્ઞાનમય કાયકલેશ તો દુઃખનું જ કારણ છે. માટે હિંસામય એવા આ અજ્ઞાનમાર્ગને છોડો અને જ્ઞાનમાર્ગને અંગીકાર કરો. તમારા ઉપર અમને ઘણો સ્નેહ છે ને પૂર્વમાં તમે આ પારસકુમારના ભાઈ હતા તેથી અમે તમને આ હિતની વાત કરીએ છીએ. માટે વિચાર કરીને સારી વાત ગ્રહણ કરો ને મનના મેલા ભાવને છોડો.

અહા, કેવો મધુર ઉપદેશ! હોનહાર તીર્થંકરની હાજરીમાં આવો સરસ મજાનો વીતરાગધર્મનો ઉપદેશ સાંભળીને પણ તે કમઠના જીવે સાચો ધર્મ અંગીકાર ન કર્યો. અરે, આવા સાક્ષાત્ હોનહાર તીર્થંકર નજર સામે ઊભા છે, તેમને દેખીને પણ એ કુગુરુનો ક્રોધ શાંત ન થયો. જીવ પોતે ભાવશુદ્ધિ ન કરે તો તીર્થંકર પણ એને શું કરે? જો કે ઊંડે ઊંડે તેને ઘા લાગી ગયો કે આ ઉત્તમ પુરુષો સામે મારી કાંઈક ભૂલ થાય છે.... પણ ક્રોધ અને અજ્ઞાનને લીધે તેણે સાચા વીતરાગધર્મનો સ્વીકાર ન કર્યો. ધર્મનો લાભ થવા માટે તેને હજી થોડીક વાર હતી. અંતે તો તે આ ભગવાનના જ શરણે આવીને સાચો ધર્મ અંગીકાર કરશે.

એક બાજુ કપાઈ ગયેલા બે સર્પો તરફડી રહ્યા છે, એક બાજુ તે સર્પોની હિંસા કરનાર કુગુરુ ઊભા છે, ને એક બાજુ તે સર્પોનો ઉદ્ધાર કરનારા જગતગુરુ તીર્થંકર ઊભા છે ને મધુરીવાણીથી વીતરાગધર્મનું સ્વરૂપ કહે છે. બંને સર્પો તો દયામૂર્તિ ભગવાનને દેખીને શાંતિ પામ્યા ને તેમના શ્રીમુખથી વીતરાગધર્મનો ઉપદેશ સાંભળીને ધન્ય બન્યા.

અત્યંત ગંભીર એવા પારસકુમાર કહે છે : હે સર્પરાજ! આ અજ્ઞાની તાપસના કુહાડાથી તમારા શરીરનાં ટૂકડા થઈ ગયા છે પરંતુ તમે ક્રોધ ન કરશો; પૂર્વે ક્રોધ કરવાથી તમે આ સર્પનો અવતાર પામ્યા છો; પણ હવે ક્રોધ છોડીને ક્ષમાભાવ ધારણ કરજો, ને પંચપરમેષ્ઠી ભગવાનનું શરણ લેજો.–એમ કહીને પારસનાથે તે સર્પને નમસ્કાર મંત્ર સંભળાવ્યો–બંને સર્પ ખૂબ જ શાંતિથી તે સાંભળતા હતા–

णमो अरिहंताणं, णमो सिद्धाणं, णमो आइरियाणं,

णमो उवज्झायाणं, णमो लोए सव्वसाहूणं।

અહા! હોનહાર તીર્થંકરના દર્શનથી, અને તેમના શ્રીમુખથી આવો મંત્ર સાંભળવાથી નાગ અને નાગણી પોતાનું દુઃખ ભૂલી ગયા..... ને શાંતભાવ ધારણ કરીને ઘણી જ ઉપકારબુદ્ધિથી પ્રભુ સામે જોઈ રહ્યા..... તે સર્પના મોઢામાંથી ઝેરને બદલે જાણે અમૃત ઝરતું હતું કે અહો, અમારા જેવા ઝેરી જીવોને પણ પ્રભુએ કરુણાપૂર્વક સાચો ધર્મ સમજાવ્યો ને અમારું કલ્યાણ કર્યું. ધન્ય છે આ ભગવાનને! એમ વિચારીને તે બંને સર્પો ભક્તિથી માથું નમાવતા હતા. ને પ્રભુની આંખમાંથી તો અમૃત વરસતું હતું.

નમસ્કારમંત્ર સંભળાવીને પારસકુમારે તેમને કહ્યું : અરે જીવો! અજ્ઞાનથી આ તિર્યંચગતિમાં તમે ઘણાં દુઃખી થયા, હવે તેનાથી છૂટવાનો અવસર છે, માટે શાંતસ્વરૂપ આત્માને લક્ષમાં લેજો. તમારો આત્મા ક્રોધથી ભિન્ન ચેતનભાવરૂપ છે, તેને લક્ષમાં લઇને પરમ અહિંસારૂપ વીતરાગી જૈનધર્મનું શરણ લેજો.

અહા, પ્રભુનાં શાંતરસઝરતાં વચનની શી વાત! તે સાંભળીને નાગ–નાગણી બંને જીવો ઘણી શાંતિ પામ્યા; અને પ્રભુના શરણમાં જ દેહ છોડીને, ભવનવાસીદેવમાં ધરણેન્દ્રદેવ તથા પદ્માવતીદેવી થયા. અવધિજ્ઞાનથી ભગવાનનો ઉપકાર જાણીને

તેઓ ભક્તિ કરવા લાગ્યા કે ધન્ય જિનધર્મ! ને ધન્ય પારસનાથ! કે જેણે અમને સર્પમાંથી દેવ બનાવ્યા, ને સંસારથી છોડાવનારો જૈનધર્મ આપ્યો.

જુઓ તો ખરા, ક્ષમાધારી આત્માની સમીપતામાં નાગ જેવા ઝેરી જીવો પણ ક્રોધ છોડીને ક્ષમાવંત બની ગયા; ને કાપી નાંખનારા કુગુરુ પ્રત્યે પણ ક્રોધ ન કરતાં, ક્ષમાભાવથી મરીને દેવ થયા.–ધન્ય છે વીતરાગમાર્ગની ક્ષમાને.

આવા વીતરાગધર્મને સાંભળીને પણ દુષ્ટ કમઠના જીવે તેનો સ્વીકાર ન કર્યો; પણ આણે મારું અપમાન કર્યું.–એમ સમજીને ઊલટો ક્રોધ કર્યો. સર્પો તો ધર્મ પામ્યા, પણ આ મહિપાલતાપસ ધર્મ ન પામ્યો; તે ક્રોધના શલ્યપૂર્વક મરીને 'સંવર' નામનો જ્યોતિષી દેવ થયો. તેણે કુતપ કર્યો હતો તેથી તે હલકો દેવ થયો.

* * *

હવે આ બાજુ પારસકુમાર બનારસનગરમાં આત્મજ્ઞાનસહિત વૈરાગ્યજીવન જીવી રહ્યા છે..... ને બધા જીવો તેમના દર્શનથી સુખ પામે છે.

એકવાર માગશર વદ અગિયારસે પારસકુમાર રાજસભામાં બેઠા હતા ને તેમનો જન્મદિવસ ઊજવાતો હતો; દેશોદેશના રાજાઓ તરફથી ઉત્તમવસ્તુઓ ભેટ આવતી હતી. અયોધ્યાનો રાજદૂત પણ ભેટ લઈને આવ્યો.

પાર્શ્વપ્રભુના દર્શનથી તે આશ્ચર્ય પામ્યો; વિનયથી સ્તુતિ કરીને તેણે કહ્યું : હે પ્રભો! અમારી અયોધ્યાનગરીના જયસેન મહારાજાને આપના પ્રત્યે ઘણો પ્રેમ છે તેથી આ ઉત્તમ રત્નો અને હાથી વગેરે વસ્તુઓ આપને માટે ભેટ મોકલી છે.

પારસકુમારે પ્રસન્નદ્રષ્ટિથી દૂત સામે જોયું અને અયોધ્યાના વૈભવની વાત પૂછી. ત્યારે દૂતે કહ્યું–મહારાજ! અમારી અયોધ્યા નગરી તો તીર્થંકરોની ખાણ છે; તીર્થંકરો જે પુણ્યભૂમિમાં પાકે છે તે અયોધ્યાના વૈભવની શી વાત! અસંખ્યવર્ષ પહેલાં ભગવાન ૠષભદેવ આ ભરતક્ષેત્રમાં પહેલા તીર્થંકર થયા, તેઓ અયોધ્યામાં જ અવતર્યા હતા, તે વખતે ઇન્દ્રે તે નગરીની રચના કરી હતી.

અયોધ્યાના વૈભવની વાત ભગવાન પ્રેમથી સાંભળી રહ્યા છે, ને દૂત કહે છે : પ્રભો! ત્યારપછી બીજા અજિતનાથ, અભિનંદનસ્વામી, સુમતિનાથ અને અનંતનાથ એ ચાર તીર્થંકરો પણ અયોધ્યાનગરીમાં જ જન્મ્યા હતા. ભરતચક્રવર્તી, ભગવાન રામચંદ્રજી–વગેરે અનેક મોક્ષગામી જીવોએ અયોધ્યાનગરીને પાવન કરી છે.

અયોધ્યાનગરીનું તેમજ પૂર્વના તીર્થંકરોનું વર્ણન સાંભળીને ભગવાન પારસકુમાર ગંભીર વિચારમાં ઊતરી ગયા; તે જ વખતે તેમને મતિજ્ઞાનાવરણનો સાતિશય ક્ષયોપશમ થયો; વૃદ્ધિગતજ્ઞાનવૈભવમાં પૂર્વના અનેકભવોનો સાક્ષાત્કાર થયો, એટલે જાતિસ્મરણ જ્ઞાન થયું, ને તેઓ સંસારથી વૈરાગ્ય પામ્યા : અરે! પૂર્વે દેવલોકના વૈભવને પણ આ જીવ ઘણીવાર ભોગવી ચૂક્યો છતાં તેને તૃપ્તિ ન થઈ; બાહ્ય પદાર્થો વડે જીવને કદી તૃપ્તિ થવાની નથી. અહો! તે ઋષભાદિ ભગવંતો ધન્ય છે કે જેમણે સંસાર છોડીને મોક્ષપદ પ્રાપ્ત કરી લીધું. મને તીર્થંકર નામકર્મનું બંધન થયું તેથી શું લાભ થયો?– 'किं जातः तीर्थकृत नाम बन्धनात्?' મારે જગતના સામાન્ય મનુષ્યની માફક સંયમ વગર કાળ ગુમાવવો ઉચિત નથી. ઋષભાદિ જિનવરો જે માર્ગે ગયા તે જ માર્ગે મારે જવાનું છે. માટે હવે આજે જ હું દીક્ષા લઈને મુનિ થઈશ, ને મારી આત્મસાધના પૂરી કરીશ.

–એ પ્રમાણે ભવથી વિમુખ અને મોક્ષની સન્મુખ થયેલા ભગવાન વૈરાગ્ય–ભાવના ભાવવા લાગ્યા : સદા સંયોગરૂપે જીવની સાથે રહેલું આ શરીર પણ અત્યંત ભિન્ન છે ત્યાં બીજાની શી વાત? શરીર તો જીવન વગરનું છે,–તેનામાં ચેતના નથી; જ્ઞાનદર્શનમય ચેતના તે જ મારું જીવન છે. હું સદા જ્ઞાન–દર્શનસ્વરૂપ એક શાશ્વત જીવ છું; એ સિવાય બીજું કાંઈ મારું નથી; માટે સર્વત્ર મમત્વ છોડીને હું મારા ચિદાનંદસ્વરૂપમાં જ લીન થાઉં છું. (વૈરાગ્યજનક બાર ભાવના માટે જુઓ આત્મધર્મ અંક ૩૨૬) સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ બોધિ વગર જીવ સંસારમાં ભમે છે, માટે જીવને બોધિ જ શરણરૂપ છે.–આ પ્રમાણે વૈરાગી ભગવાન ચારિત્ર લેવા તૈયાર થાય, ત્યાં તો ચારિત્રમોહની સેના થરથર ધ્રૂજવા લાગી ને ભાગવા માંડી. દીક્ષાનો ઉત્સવ કરવા ઇન્દ્રો આવી પહોંચ્યા. લૌકાંતિકદેવો એકાવતારી છે તેઓ પણ આવ્યા ને ભગવાનના વૈરાગ્યની પ્રશંસા કરી.

દીક્ષા માટે તૈયાર થયેલા ભગવાને માતા પાસે જઈને કહ્યું : હે માતા! હવે હું ચારિત્રસાધના વડે કેવળજ્ઞાન પ્રગટ કરવા જાઉં છું.

તે સાંભળીને, પહેલાં તો પુત્રસ્નેહને લીધે માતાની આંખો આંસુથી ઉભરાઈ ગઈ, પણ તે માતા જાણતા હતા કે મારો પુત્ર તીર્થંકર છે, એટલે કહ્યું : હે દેવ! અમે તમને રોકી નહીં શકીએ, તમારો અવતાર જ આત્માની સાધના પૂરી કરવા માટે છે; તમે સુખેથી આત્માને સાધો ને જગતને તારો. તમારો માર્ગ ઉત્તમ છે, અમારે પણ એ જ માર્ગે આવવાનું છે.

–એ જ પ્રમાણે પિતાજી પાસેથી પણ રજા લઈને ભગવાન પાલખીમાં આરૂઢ થયા.....ને વનમાં જઈ સ્વયં દીક્ષિત થઇને આત્મધ્યાન કરવા લાગ્યા. ભગવાને ત્રીસ વર્ષની ઉંમરે પોતાના જન્મદિવસે જ દીક્ષા લીધી, તેમની સાથે બીજા ત્રણસો રાજાઓએ જિનદીક્ષા લીધી. અહા, ત્રણસો મુનિઓથી ભરેલું એ દીક્ષાવન અદ્‌ભુત વીતરાગતાથી શોભતું હતું; વનનું એ શાંત–વીતરાગી વાતાવરણ જાણે કે પ્રભુની વીતરાગતાને જ પ્રસિદ્ધ કરતું હતું. દિગંબર દશાધારક એ મુનિરાજને વસ્ત્ર તો હતાં નહીં ને અંદર મોહ પણ ન હતો, નિર્વિકલ્પ શુદ્ધોપયોગરૂપ સહજ દશાથી તે આત્મા શોભતો હતો. પ્રભુને ધ્યાનમાં તરત જ સાતમું ગુણસ્થાન પ્રગટ્યું, અને મનઃપર્યયજ્ઞાન પણ ખીલી ગયું... અનંતગુણો જાણે એકબીજાની હરીફાઈ કરતા હોય–તેમ ઝડપથી ખીલવા લાગ્યા. મૌનપણે એ પારસમુનિરાજ આત્માના નિજકાર્યને સાધવા લાગ્યા. સૌથી પહેલાં ગુલ્મખેટનગરના બ્રહ્મદત્ત ( અથવા ધન્ય ) રાજાએ મુનિરાજને આહારદાન કર્યું ને તેઓ ખરેખર ધન્ય બન્યા.

દેહ અને આત્માની ભિન્નતા જાણનારા, તથા શત્રુ–મિત્રમાં સમભાવ રાખનારા તે પારસમુનિરાજ અંતરમાં વારંવાર શુદ્ધોપયોગવડે નિજસ્વરૂપને ધ્યાવતા હતા અને અતીન્દ્રિય આનંદને અનુભવતા હતા. તેમની નજીકમાં સિંહ અને હરણ, સર્પ અને મોર વગેરે જીવો પણ શાંતિથી એકસાથે બેસતા ને એકબીજાના મિત્ર બની જતા હતા; પ્રભુને જોઈને તે પશુઓ પણ ખુશ થતા હતા.

આવી મુનિદશામાં આત્મધ્યાનસહિત વિચરતાં વિચરતાં ચાર મહિના વીતી ગયા.... ભગવાનની શુદ્ધતા વધવા લાગી ને કેવળજ્ઞાન થવાની તૈયારી થઈ. એકવાર તે મુનિરાજ સાત દિવસનો ધ્યાનયોગ ધારણ કરીને, કાયોત્સર્ગપૂર્વક ઊભા હતા; એમનો દેખાવ કોઈ અદ્‌ભુત હતો,–તેઓ પોતે જ સાક્ષાત્ મોક્ષમાર્ગ હતા. કાયાની માયા વિસારીને તેઓ સ્વરૂપમાં સમાયા હતા, ને નિર્ગ્રંથ માર્ગ વડે ભવનો અંત કરી રહ્યા હતા. જગતની બાહ્યદ્રષ્ટિ છોડીને નિજસ્વરૂપના અવલોકનમાં તેઓ મશગુલ હતા. એવામાં એક ઘટના બની.–

આકાશમાં એક દેવવિમાન પસાર થતું હતું. પણ જ્યાં ભગવાનની ઉપર આવ્યું કે તે વિમાન એકાએક અટકી ગયું.

( –કોનું છે તે વિમાન ? અને પછી શું થયું ? તે આવતા અંકમાં વાંચશોજી. )

( આવતા અંકે ભગવાન પારસનાથની આ કથા પૂરી થશે. )




વહાલા બંધુઓ! સાંભળો....તમને એક ખુશખબર આપું છું : બાળકોને ખૂબ જ શું ગમે? કહો જોઈએ?–પીપરમેન્ટ! ના; બાળકોને તો વાર્તા બહુ જ ગમે. એમાં પણ આ તો ધર્મની સારી સારી વાર્તા! પછી તો પૂછવું જ શું? તો તમારે માટે ધર્મના ઊંચા સંસ્કાર આપે એવી તેર વારતા અમે તૈયાર કરીએ છીએ. તેમાં પ્રથમ તો સમ્યગ્દર્શનના આઠ અંગની આઠ વારતા છે, ને આવતા મહિનાથી દરેક અંકમાં એકેક વાર્તા આપીશું.– બોલો કેવી મજા!....... 'વાહ ભૈ વાહ!'

* એક છોકરો કહે–પણ ભાઈ! વાર્તા ભલે આવતા મહિનાથી કહેજો, પણ તે આઠ વારતા કોની કોની છે, એનાં નામ તો અત્યારે કહો?

* ઠીક ભાઈ! સાંભળો.–સમંતભદ્રસ્વામીની સૂચના મુજબ તે આઠ વાર્તા નીચે પ્રમાણે છે–

(૧) પહેલીવારતા છે અંજન ચોરની....જે નિઃશંકતા અંગમાં પ્રસિદ્ધ છે.

(૨) બીજી વાર્તા નિઃકાંક્ષિત અંગમાં પ્રસિદ્ધ એવી અનંતમતીની છે.

(૩) ત્રીજી વાર્તા ત્રીજા અંગમાં પ્રસિદ્ધ એવા ઉદાયન રાજાની છે.

(૪) ચોથી વાર્તા છે રેવતી રાણીની,– જે અમૂઢદ્રષ્ટિ અંગમાં પ્રસિદ્ધ છે.

(૫) પાંચમી વાર્તા ઉપગૂહન–અંગમાં પ્રસિદ્ધ એવા જિનેન્દ્ર ભક્ત શેઠની છે.

(૬) છઠ્ઠી વાર્તા પોતાના મિત્રને ધર્મમાં સ્થિર કરનાર વારિષેણમુનિની છે.

(૭) સાતમી વાર્તા વાત્સલ્યગુણમાં પ્રસિદ્ધ એવા વિષ્ણુ મુનિરાજની છે.

(૮) આઠમી વાર્તા ધર્મની મહાન પ્રભાવના કરનાર વજ્રકુમારની છે.

બંધુઓ, આ વાર્તાને માત્ર વાર્તારૂપે ન રાખશો..... પણ તેમાંથી સમ્યગ્દર્શનના આઠ અંગની ઉત્તમ પ્રેરણા મેળવજો.....સમ્યક્ત્વની ખૂબ ખૂબ ભાવના ભાવજો અને તેને જીવનમાં ઉતારજો. –जयजिनेन्द्र

## ગતાંકમાં સાત પ્રશ્ન પૂછ્યા હતા, તેના જવાબ નીચે મુજબ છે–

( ૧ ) આખા લોકના પ્રદેશ÷એક જીવના પ્રદેશ=૧ [ કેમકે આખા લોકના જેટલા પ્રદેશો છે–બરાબર તેટલા જ એક જીવના પ્રદેશો છે. ]

( ૨ ) સિદ્ધભગવંતો અનંતાનંત છે; ત્યારે મનુષ્યો સંખ્યાત ( અથવા સંમૂર્છિમ સહિત અસંખ્યાત ) છે; એટલે બધા મનુષ્યો વચ્ચે સિદ્ધભગવંતોની વહેંચણી કરતાં દરેકના ભાગે અનંતા સિદ્ધભગવંતો આવશે. કેમકે અનંતસિદ્ધ÷ અસંખ્ય=અનંત.

( ૩ ) આખા લોકના બધા પ્રદેશે જેનો એકેક પ્રદેશ રહેલો છે તે જીવ લોકપૂરણ- સમુદ્ઘાતસહિત કેવળીભગવાન છે; તેરમા ગુણસ્થાને વર્તતા અરિહંત ભગવાનનો જીવ લોકપૂરણસમુદ્ઘાત વખતે આખા લોકમાં ફેલાય છે, એ વખતે લોકના બધા પ્રદેશે તે જીવનો એકેક પ્રદેશ રહેલો હોય છે. આવો સમુદ્ઘાત કેવળી ભગવાનને જ હોય છે; એટલે તે વખતે તે જીવને એક કેવળજ્ઞાન જ હોય છે; મતિ–શ્રુત વગેરે અપૂર્ણ જ્ઞાનો ત્યાં હોતાં નથી. અને આવા સમુદ્ઘાત પછી અંતર્મુહૂર્તમાં જ તે જીવ ચોકકસ મોક્ષ પામે છે.

( ૪ ) રત્નત્રય એટલે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર; તેમાં જો સમ્યગ્દર્શન ન હોય તો સમ્યગ્જ્ઞાન કે સમ્યક્ચારિત્ર પણ હોય નહીં. એટલે રત્નત્રયમાંથી સમ્યગ્દર્શન બાદ કરતાં બાકી કંઈ રહે નહીં.

( ૫ ) જીવના અસંખ્યપ્રદેશો છે તે બેકી–સંખ્યામાં છે.–કઈ રીતે ? તે જોઈએ; લોકપૂરણ–સમુદ્ઘાત વખતે, લોકના જે 'આઠ' મધ્યપ્રદેશો છે તે આઠ–પ્રદેશે જીવના આઠ મધ્યપ્રદેશો રહે છે. મધ્યપ્રદેશોની સંખ્યા આઠ ( એટલે કે બેકી સંખ્યામાં ) હોવાથી તેના કુલ પ્રદેશોની સંખ્યા પણ બેકી જ હોય. આઠ મધ્યપ્રદેશોની ઉપર જેટલા પ્રદેશો છે તેટલા જ નીચે છે, જેટલા પૂર્વમાં છે તેટલા જ પશ્ચિમમાં છે–આ પ્રમાણે જીવના પ્રદેશો સમસંખ્યામાં છે. ( અસંખ્યાત કે અનંતમાં પણ એકી કે બેકીપણું હોય છે. )

( ૬ ) ખાલી જગ્યા પૂરતાં નીચે મુજબ થાય છે–

* શરીરને જાણનારો શરીરથી જુદો છે.
* રાગને જાણનારો રાગથી જુદો છે.
* જ્ઞાનને જાણનારો જ્ઞાનથી જુદો નથી.

( ૭ ) આપણને નજીક કોણ? સૂરજ કે ચંદ્ર? –આપણા જૈનસિદ્ધાંત અનુસાર સૂર્ય નજીક છે, ને ચંદ્ર દૂર છે. સૂર્ય અહીંથી ૮૦૦ આઠસો યોજન ઊંચો છે, ને ચંદ્ર ૮૮૦ આઠસો એંસી યોજન ઊંચો છે; એટલે સૂર્ય કરતાં ચંદ્ર લગભગ ચાર લાખ માઈલ વધારે ઊંચો છે. આ પ્રશ્નો બાળકોને જરા અઘરા લાગે તેવા હતાં છતાં ઘણા બાળકોએ ઉત્સાહથી જવાબ લખી મોકલ્યા છે; તેમને ધન્યવાદ!

આ વખતે જરા સહેલા સાત પ્રશ્નો પૂછીએ છીએ :–

( ૧ ) એવા જીવને શોધી કાઢો કે જે સ્વર્ગમાં ન હોય, નરકમાં પણ ન હોય, મનુષ્યમાં પણ ન હોય ને તિર્યંચમાં પણ ન હોય.

( ૨ ) આપણે નમસ્કારમંત્રમાં જે પંચપરમેષ્ઠી ભગવંતોને નમસ્કાર કરીએ છીએ, તેમાંથી કેવળજ્ઞાની કેટલા?

( ૩ ) કોઈ પણ પાંચ તીર્થક્ષેત્રનાં નામ આપો કે જ્યાંથી કોઈને કોઈ જીવ મોક્ષ પામ્યા હોય!

( ૪ ) આ ચોથા પ્રશ્નમાં તમારે ચાર સિદ્ધક્ષેત્ર શોધી કાઢવાના છે કે જે ચારે તીર્થો ગુજરાતરાજ્યમાં આવેલા હોય! ગુજરાતમાં રહો છો એટલે ઝટ શોધી લેશો.

( ૫ ) આપણે એક કેવળજ્ઞાની–ભગવાનને શોધવા છે,–જે નથી સ્વર્ગમાં, નથી નરકમાં, નથી મનુષ્યલોકમાં, તો તે ક્યાં હશે?

( ૬ ) પાંચ જ્ઞાનના નામ તો તમને આવડતા હશે! હવે પાંચ જ્ઞાનમાંથી એક જીવ પાસે એક જ જ્ઞાન છે, ને બીજા જીવ પાસે ચાર જ્ઞાન છે–તો તેમાં મોટું કોણ?

( ૭ ) ચૌદ પગથિયાંની એક સીડી, તેના ચોથા પગથિયા પર ચડતાં જ ભગવાન દેખાય; અને તેરમે પગથીયે પહોંચતાં તો આપણે જ ભગવાન બની જઈએ.....એ સીડી કઈ?

તા ૧૫ ફેબ્રુ. સુધીમાં જવાબ મોકલનારનાં નામો આત્મધર્મમાં છપાશે.

સરનામું– બ્ર. હરિલાલ જૈન; સંપાદક–આત્મધર્મ, સોનગઢ : ( સૌરાષ્ટ્ર )

# જીવનમાં જૈનત્વ

કૌનસા ધર્મ હમારા હૈ?.....જૈન.....જૈન......જૈન.

આત્મિકધર્મ હમારા હૈ.....જૈન.....જૈન......જૈન.

જિનવરદેવના ભક્ત અમે.....જૈન.....જૈન......જૈન.

ભારતમાં છે એક કરોડ!.....જૈન.....જૈન......જૈન.

વસ્તીપત્રકમાં શું લખાવશો ? .....જૈન.....જૈન......જૈન.

–પરંતુ, સાવધાન! માત્ર જૈન લખાવીને સંતુષ્ટ ન થઈ જશો. જૈનત્વને શોભે એવા ઉત્તમ વિચાર ને ઉત્તમ આચાર પણ ઘરઘરમાં પ્રસરે તે વધુ જરૂરી છે. સરકારી ચોપડે કદાચ જૈન ન નોંધાયું હોય પણ જો ઉત્તમ આચાર–વિચારથી જૈનત્વને શોભે એવું આપણું જીવન છે તો તેનો આપણને લાભ જ છે. બાકી માત્ર વસ્તીપત્રકમાં જૈન લખાવી દીધા પછી પાછા દશવર્ષ સુધી સમાજ ઊંઘી જાશે તો જૈન લખાવ્યાથી શું લાભ થવાનો છે? એટલે આપણે સરકારી કાગળમાં નહીં પણ આપણા આત્મામાં જૈન બનવાનું છે. અંદરોઅંદરના ક્લેશ છોડીને, વીતરાગતાપ્રેરક વિચારો અને આચારોને ઓળખીને તેનું પાલન કરવાનું છે. ઘરઘરમાં તેનો પ્રચાર કરવાનો છે.

[ આટઆટલી ઝુંબેશ છતાં સરકારી કાગળમાં જૈનોની સંખ્યા એક કરોડને બદલે કદાચ પચાસ લાખથીયે ઓછી નોંધાય–તો તેથી આશ્ચર્ય પામવાનું કે હતાશ થવાનું નથી–કેમકે ગણતરી કરવા આવનાર કાર્યકરો ઘણીખરી વિગત એમની મેળે લખી લેતા હોય છે. કાગળમાં જૈન લખાય એના કરતાં જીવનમાં સાચું જૈનત્વ આવે અને જૈનસમાજનું એકએક બાળક જૈનસંસ્કારથી અલંકૃત બને–એ જ આપણું કર્તવ્ય છે, ને એની ઝુંબેશ કરવાની છે.–સં. ]

ગતમાસમાં એક પ્રસંગ એવો બન્યો કે આપણા બાળકોમાં જૈનધર્મના મૂળ સંસ્કારો આપવા માટે હજી કેટલી મોટી ઝુંબેશની જરૂર છે–તેની ચેતવણી આપતો ગયો.

એક ઉત્સાહી હોંશીલો બાળક આવ્યો....જેવી શિખામણ આપીએ તેનું પાલન કરે એવો સરલ હતો. ભગવાન પારસનાથનું પુસ્તક તેને ભેટ આપ્યું; પુસ્તક જોઈને તે ઘણો ખુશી થયો....પુસ્તકમાં સ્વર્ગ–નરકનું ચિત્ર જોઈને કહે–નરકમાં આટલું બધું દુઃખ હોય ? મેં કહ્યું–હા, ભાઈ જે પાપ કરે તે નરકમાં આવું દુઃખ ભોગવે.

તે બાળક કહે : શું આપણેય નરકમાં જાવું પડે? મેં કહ્યું : ના, જેને ધર્મના સંસ્કાર હોય તે નરકમાં ન જાય; પણ જે માંસ ખાય, ઇંડા ખાય, ખૂન–ચોરી કરે એવા બહુ પાપી જીવો જ નરકમાં જાય છે.

ઇંડાનું નામ આવતાં એ છોકરો એકદમ ચમકી ગયો.....એના હૃદયમાં મોટો આઘાત થયો ને ભયભીત થઇને તે બોલ્યો કે–શું મારે નરકમાં જાવું પડશે? મેં પૂછયું–કેમ? તો કહે કે મેં તો ઇંડા ખાધા છે, અત્યાર સુધીમાં દશ ઇંડા ખાધા હશે! ત્યારે કહ્યું કે ભાઈ! તું મુંઝાઈશ મા! અત્યાર સુધી તને ખબર ન હતી; પણ હવે ખબર પડી એટલે અત્યારે જ તું બંધી કરી લે કે હવે કદી ઇંડા નહીં ખાઉં.–તારે નરકમાં નહીં જવું પડે. તું હોંશથી આ પુસ્તક વાંચજે ને ધર્મનો અભ્યાસ કરજે.

તે જ ક્ષણે ભગવાનના ફોટા સન્મુખ હાથ જોડી, આંખ મીંચીને, મનમાં કાંઈક બોલીને તેણે પ્રતિજ્ઞા કરી. તે બાળક ઘણો સંતુષ્ટ અને હળવોફૂલ થઈ ગયો.......હવે મારે નરકમાં નહીં જવું પડે–એમ તેને નિર્ભયતા થઈ. ક્ષણમાત્રમાં જૈનત્વના એના સંસ્કાર જાગી ઊઠયા અને દુર્ગતિના કારણથી એને બચાવી લીધો.

આપણો સમાજ “જૈન લખાવો” એવી મોટી ઝુંબેશ કરી રહ્યો છે પરંતુ–ઇંડાનું ભક્ષણ એ માંસભક્ષણ જ છે ને તેનું ફળ નરક છે, એટલી વાત પણ જો આપણા ઉત્સાહી સરળ બાળકોને તે ન સમજાવી શકે તો....શું એને “જૈન” લખાવવાનો અધિકાર છે ખરો?

આપણા સમાજના એકેએક બાળકને જન્મથી જ જૈનસંસ્કૃતિના ઉત્તમ સંસ્કારો આપવા માટે આખાય જૈનસમાજે જાગૃત થવાની જરૂર છે. વિદ્વાનો અરસપરસના વિવાદમાં શક્તિનો દુર્વ્યય કરવાનું છોડો ને બાળકોને સાચા સંસ્કાર આપવાનું શરૂ કરો–તો જૈનસમાજની મહાન સેવા થશે. માત્ર કાગળમાં નહીં પણ જીવનમાં જૈનત્વની ઝુંબેશ જરૂરી છે.

–બ્ર. હ. જૈન

ભવ જેનાથી મટે તે સાચું ભણતર.
વીતરાગવિજ્ઞાન જેનાથી પ્રાપ્ત થાય તે સાચી વિદ્યા.



# આત્માની કિંમત ઓછી ન આંકો

[ ઓછી કિંમત કરનારા આત્માને છેતરે છે ]



એક બાળક પાસે રત્નોનો અમૂલ્ય હાર હતો.

* એક માણસે તેને કહ્યું : સાત લીંબોડીમાં આ હાર આપીશ ?

* બીજાએ તેને કહ્યું કે આ બે પેંડાના બદલામાં હાર આપવો છે ?

* ત્રીજાએ કહ્યું કે હજાર રૂપિયા લઈને આ હાર આપવો છે ?

એ રીતે તે બધા માણસો ઓછી કિંમતમાં હાર પડાવીને તે છોકરાને છેતરવા માંગતા હતા. પણ કોઈ હિતસ્વી પ્રમાણીક માણસે તેને સમજાવ્યું કે ભાઈ, આ હાર તું કોઈ કિંમતે વેંચીશ મા; એની કિંમત તો ઘણી છે. અબજો રૂપિયે પણ તેની કિંમત પૂરી પડે તેમ નથી; તેની કિંમત તો જગતના ઊંચામાં ઊંચા ત્રણ સાચા રત્નોવડે જ થઈ શકે તેમ છે.

તેમ દરેક જીવ પાસે અનંત ચૈતન્યગુણ–રત્નોથી શોભતો અમૂલ્ય આત્મસ્વભાવ છે.

* કોઈ કુગુરુ તેને કહે છે કે તારે દેહની ક્રિયામાં આત્મા દેવો છે ?

* બીજા કોઈ કહે છે કે તારે પુણ્યમાં ને સ્વર્ગના વૈભવમાં આત્મા આપવો છે ?

* ત્રીજો કહે છે કે શુભરાગમાં તારે આત્મા વેચવો છે ?

એ રીતે તે બધા અજ્ઞાની–માણસો જીવના સ્વભાવની ઓછી કિંમત આંકીને તેને છેતરવા માંગે છે. પણ જીવના પરમ હિતસ્વી જ્ઞાની સંતો જીવને સમજાવે છે કે હે જીવ ! તારા ચિદાનંદ સ્વભાવને તું જડની ક્રિયારૂપ, પુણ્યરૂપ કે રાગરૂપ માનીશ મા, જડવડે કે રાગવડે ચૈતન્યની કિંમત ટાંકીશ મા. એની કિંમત તો અચિંત્ય છે. એ તો ક્ષણે ક્ષણે કેવળજ્ઞાન અને સિદ્ધપદ આપે એવા નિધાનવાળો છે; રાગવડે કે શરીરવડે તેની કિંમત થઈ શકે તેમ નથી. તેની કિંમત તો જગતમાં ઊંચામાં ઊંચા એવા સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ ત્રણ સાચા રત્નોવડે જ થઇ શકે તેમ છે.

માટે હે જીવ! તારી કિંમત તું ઓછી આંકીશ મા; તું પરમાત્મ શક્તિનો ભંડાર છો.

સંસારમાં મોટા માણસને કોઇ નાનો કહે, તો ગોઠતું નથી ને નારાજ થાય છે; રાજાને કોઈ ભીખારી કહે તો તેને ગમતું નથી; કરોડની મુડીવાળાને કોઈ હજારની કે લાખની જ મુડીવાળો કહે તો તેને તે ગમતું નથી.

તો પછી, આત્મા પોતે પૂર્ણસ્વભાવવાળો પરમાત્મા હોવા છતાં અજ્ઞાનીઓ તેને જડવાળો–શરીરવાળો–રાગવાળો ને અપૂર્ણ પામર મનાવે, તે તેને કેમ ગોઠે? –આત્માર્થીને તો તેનો નકાર આવે કે–નહીં, એ મારું સ્વરૂપ નથી; હું તો સિદ્ધભગવાન જેવો પરમાત્મા છું.–એમ પોતાના પરમાત્મસ્વભાવનો ઉલ્લાસથી સ્વીકાર કરનાર જીવ અલ્પકાળમાં પરમાત્મા થાય છે.

* કોઈ શુભરાગની કિંમતમાં સમ્યગ્દર્શન માંગે એટલે કે શુભરાગથી સમ્યગ્દર્શન પ્રાપ્ત થવાનું માને, તો તેને સમ્યગદર્શનની સાચી કિંમતની ખબર નથી.

* જેમ કોઇ ખોટા સિક્કા વડે સોનું લેવા જાય તો તે ગુન્હેગાર ગણાય; તેમ રાગ અને શરીરની ક્રિયા તે ખોટા સિક્કા છે, તેમાં ચૈતન્યની મુદ્રા નથી; તે ખોટા સિક્કા વડે કોઇ સમ્યગ્દર્શનાદિ ધર્મ પ્રાપ્ત કરવા માંગે તો જૈનશાસનમાં તે ગુન્હેગાર છે.

* જે વસ્તુ લેવી હોય તેની સાચી કિંમત જાણવી જોઈએ. આત્માને પ્રાપ્ત કરવાના ઈચ્છુક જીવે આત્માનું સાચુ સ્વરૂપ જાણીને તેની કિંમત આંકવી જોઈએ, ને તેનાથી વિરુધ્ધ ભાવોને આત્મામાં ઘુસાડવા ન જોઈએ.

## જ્ઞાયકદેવ

અહો....જ્ઞાયકદેવ! તારી આણામાં જે આવ્યો તેના ભવનો અંત નજીક છે. તારી આજ્ઞાની લગની જેને લાગી તેનું જીવન સફળ છે. હે જ્ઞાનનિધિ ગુણાગાર! અંતરમાં તારી આજ્ઞા વડે જરૂર મારું કાર્ય સિદ્ધ થશે.

# અમે જિનવરના સંતાન

( નવા સભ્યોનાં નામ )

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૬૧૫ | પરેશકુમાર છબીલદાસ જૈન | વઢવાણ | ૨૬૪૧ | અજીતકુમાર નાથાલાલ જૈન | જબુદરા નાના |
| ૨૬૧૬ | સોનલબેન જ્યોતિન્દ્ર જૈન | રાજકોટ | ૨૬૪૨ | ચેતનાબેન એન. જૈન | જબુદરા નાના |
| ૨૬૧૭ | રૂપલબેન જ્યોતિન્દ્ર જૈન | રાજકોટ | ૨૬૪૩ | ભારતીબેન દિનેશચંદ્ર જૈન | સુરત |
| ૨૬૧૮ | દિપ્તીબેન હરકીશન જૈન | રાજકોટ | ૨૬૪૪ | મનિષકુમાર અનિલકુમાર જૈન | જામનગર |
| ૨૬૧૯A | ઇંદિરાબેન અમૃતલાલ જૈન | તલોદ | ૨૬૪૫ | હિમાંશુકુમાર અનિલકુમાર જૈન | જામનગર |
| ૨૬૨૦B | કમલેશકુમાર અમૃતલાલ જૈન | તલોદ | ૨૬૪૬ | ભાનુબેન ઉમિયાશંકર જૈન | વડીયાદેવળી |
| ૨૬૨૧ | ભૂપેન્દ્રકુમાર બાબુલાલ જૈન | મુંબઈ–૩ | ૨૬૪૭ | માંગીલાલ છોગાલાલ જૈન | બેંગલોર |
| ૨૬૨૨ | જયશ્રીબેન બાબુલાલ જૈન | મુંબઈ–૩ | ૨૬૪૮ | બી. આશાબેન જૈન | બેંગલોર |
| ૨૬૨૩ | યોગેશકુમાર બાબુલાલ જૈન | મુંબઈ–૩ | ૨૬૪૯ | ગીતાબેન ચંદુલાલ જૈન | રાજકોટ |
| ૨૬૨૪ | રાજુલબેન ઉમેશચંદ્ર જૈન | રાજકોટ | ૨૬૫૦ | જાગૃતીબેન વજુભાઈ જૈન | રાજકોટ |
| ૨૬૨૫ | મીનાબેન ઉમેશચંદ્ર જૈન | રાજકોટ | ૨૬૫૧ | અક્ષયકુમાર વજુભાઈ જૈન | રાજકોટ |
| ૨૬૨૬ | ભાવનાબેન ઉમેશચંદ્ર જૈન | રાજકોટ | ૨૬૫૨ | કલ્પનાબેન ઇંદુલાલ જૈન | સુરેન્દ્રનગર |
| ૨૬૨૭ | કલ્પનાબેન બલુભાઈ જૈન | મુંબઈ–૨૬ | २६५३ | खीमचंद जैन | बेंगलोर |
| ૨૬૨૮ | આશાબેન બલુભાઈ જૈન | મુંબઈ–૨૬ | २६५४ | शेषमल जैन | बेंगलोर |
| ૨૬૨૯ | સુચિતાબેન બલુભાઈ જૈન | મુંબઈ–૨૬ | २६५५ | सुमनाबेन जैन | बेंगलोर |
| ૨૬૩૦ | પૂર્ણિમાબેન બલુભાઈ જૈન | મુંબઈ–૨૬ | ૨૬૫૬ | બિપીનચંદ્ર વનેચંદ જૈન | મોરબી |
| ૨૬૩૧ | વિક્રમ જમનાદાસ જૈન | મુંબઈ–૨૬ | ૨૬૫૭ | પ્રતિભાબેન અમરચંદ જૈન | ખંડવા |
| ૨૬૩૨ | અશોક જમનાદાસ જૈન | મુંબઈ–૨૬ | ૨૬૫૮ | રૂપાબેન કિશોરકુમાર જૈન | જામનગર |
| ૨૬૩૩ | દિલીપ જમનાદાસ જૈન | મુંબઈ | ૨૬૫૯ | આશિષ કિશોરકુમાર જૈન | જામનગર |
| ૨૬૩૪ | ઇલાબેન જે. જૈન | મુંબઈ | ૨૬૬૦ | જિનેશ મહેશચંદ્ર જૈન | જામનગર |
| ૨૬૩૫ | હીનાબેન હસમુખલાલ જૈન | નાગપુર | ૨૬૬૧ | સોનલબેન મહેશચંદ્ર જૈન | જામનગર |
| ૨૬૩૬ | જયેશકુમાર હસમુખલાલ જૈન | નાગપુર | ૨૬૬૨ | મુનીશચંદ્ર જયેશચંદ્ર જૈન | જામનગર |
| ૨૬૩૭ | અજયકુમાર એચ. જૈન | નાગપુર | ૨૬૬૩ | ક્ષમાબેન જયેન્દ્ર જૈન | જામનગર |
| ૨૬૩૮ | કોકિલાબેન નાથાલાલ જૈન | જબુદરા નાના | ૨૬૬૪ | પંકજકુમાર બાબુલાલ જૈન | તલોદ |
| ૨૬૩૯ | કિરિટકુમાર નાથાલાલ જૈન | જબુદરા નાના | ૨૬૬૫ | ચતુરભાઈ ડી. જૈન | ઉખરેલી |
| ૨૬૪૦ | પ્રવીણકુમાર નાથાલાલ જૈન | જબુદરા નાના | ૨૬૬૬ | રૂમાલભાઈ લાલજીભાઈ જૈન | લીમડી( ડોળી ) |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૬૬૭ | ભીખાલાલ શિવલાલ જૈન | સાબલી | ૨૬૭૧ | હિતેષુ અનીલકુમાર જૈન | જમશેદપુર |
| ૨૬૬૮ | દિલીપકુમાર અમૃતલાલ જૈન | સાબલી | ૨૬૭૨ | રાહુલ ચીમનલાલ જૈન | જમશેદપુર |
| ૨૬૬૯ | પુષ્પાબેન મણિલાલ જૈન | સાબલી | ૨૬૭૩ | રશ્મિ ચીમનલાલ જૈન | જમશેદપુર |
| ૨૬૭૦ | સુધાબેન મનસુખલાલ જૈન | જમશેદપુર | | [ બાકીનાં નામો આવતા અંકે ] | |

[ બાલવિભાગ માટે પૂરું સરનામું, ઉમર, અભ્યાસ અને જન્મદિવસ લખી મોકલવું. –ફી કેટલી ? ફી માત્ર એટલી જ કે તમારે ધર્મના અભ્યાસમાં ઉત્સાહથી ભાગ લેવો.

: સંપાદક : આત્મધર્મ, સોનગઢ ( સૌરાષ્ટ્ર )

# 'ઊંડું' આત્મસ્પર્શી જ્ઞાન

હે જીવ! બીજા ઘણા જાણપણા કરતાં, જ્ઞાની પાસેથી આત્મસ્પર્શી સૂક્ષ્મ વસ્તુસ્વરૂપ સમજીને, તેને લક્ષગત કરીને, તેની ઊંડી વિચારણા કર્તવ્ય છે. પોતે આત્માના અંતર્મંથનપૂર્વક જગાડેલું જ્ઞાન કાર્યકારી છે, તેના વડે અનુભવની સિદ્ધિ થાય છે. *

* વિહારનો કાર્યક્રમ ગતાંકમાં જણાવ્યા મુજબ છે–ગઢડા, પાટી, બોટાદ અને વીંછીયા એ ચાર ગામનો કાર્યક્રમ છે. ગઢડા શહેરમાં જિનમંદિરનું શિલાન્યાસ મહા સુદ દશમના રોજ છે. ફેબ્રુઆરી તા. ૪ અને ૫ ગઢડા; તા. ૬ પાટી; તા. ૭ થી ૧૧ બોટાદ; અને તા. ૧૨ થી ૧૮ વીંછીયા. તા. ૧૯ મહા સુદ ૯ શુક્રવારે સોનગઢ. ફાગણ સુદ બીજે સોનગઢ જિનમંદિરમાં સીમંધર ભગવાનની પ્રતિષ્ઠાને ૩૧ મું વર્ષ બેસે છે, તેનો મંગલ ઉત્સવ સોનગઢમાં ઊજવાશે. વૈશાખ સુદ બીજ પોરબંદરમાં ઉજવવાનું નક્કી કર્યું છે. ચૈત્ર–વૈશાખ–જેઠ માસમાં જેતપુર, પોરબંદર, ગોંડલ, રાજકોટ, જયપુર અને ભાવનગરના કાર્યક્રમો છે. તે સંબંધી વિગતવાર માહિતી હવે પછી રજુ થશે.

---

# વૈરાગ્ય સમાચાર–

* વાંકાનેરવાળા શેઠ પ્રભુદાસ લાલચંદના સુપુત્ર જમનાદાસભાઈ યુવાનવયે એકાએક હાર્ટફેલથી મુંબઈ મુકામે તા. ૯–૧–૭૧ના રોજ સ્વર્ગવાસ પામી ગયા છે. ગુરુદેવ જેતપુર પધારવાના હોવાથી તેમને સ્વાગત માટે ઘણો ઉત્સાહ હતો. વીતરાગ–માર્ગની છાયામાં તેઓ પોતાનું આત્મહિત સાધો.

# વાંચકો સાથે વાતચીત

❈ 'जैनबालपोथी' [ भाग १ व २ ] इस युगमें एक नवीन क्रांति शिशुओंमें पैदा करने एवं धर्मध्यान और जैनधर्मके नियमों आदिके सम्बन्धमें अतिशय उपयोगी सिद्ध होगी । हार्दिक शुभकामना ।

—राजकुमार जैन, मंत्री—
જૈન નવયુવક સંઘ : હાથરસ. )

* ઉમરાળાનો પત્ર

જગતથી જુદો થૈન....
ગુરુજીનું નામ લૈન...
અવિદ્યાને છોડી દૈન....
અરિહંત માર્ગે રૈન...
અમે બન્યા છૈ જૈન...

ઉપરનો ટૂચકો લખનાર છે–એક હરિજનભાઈ; ઉમરાળા ગામના, અને નામ એમનું શ્યામદેવ, તેઓ પૂ. ગુરુદેવ (કાનજી સ્વામી) પ્રત્યે ભક્તિ ધરાવે છે, ને જૈનધર્મના સંસ્કારથી ખૂબ પ્રભાવિત છે; હરિજન કોમમાં તેમના હજારો અનુયાયીઓ હોવા છતાં તેઓ પોતાને જૈન કહેવામાં ગૌરવ અનુભવે છે ને અવારનવાર સોનગઢ આવીને ભક્તિ વ્યક્ત કરે છે; પોતાની કોમમાંથી માંસાહાર વગેરે છોડવાનો પણ સારો પ્રચાર કરે છે ને જૈનધર્મના ઉત્તમ સંસ્કારનો બને તેટલો પ્રચાર કરે છે. તેમનો એક પત્ર છે; તેમાં લખે છે કે 'ભગવાન પારસનાથનું પુસ્તક હાથમાં આવતાં ઘરના અમે બધા ખુબ જ ખુશી થયા, અને તરત જ મેં વાંચવાનું શરૂ કર્યું, ને ઘરના બધા માણસો તે સાંભળવા બેસી ગયા, પહેલેથી છેલ્લે સુધી આખું પુસ્તક પૂરું કરીને પછી (સવાપાંચ વાગે) જમવા બેઠા. જમ્યા પછી જૈનધર્મનો મહિમા લાવી તેની ચર્ચા અને પ્રશ્નોત્તર કર્યા. પારસનાથ ભગવાનના જીવનમાં, કમઠ પર ભગવાનની ક્ષમાને યાદ કરતાં અમારી આંખોમાં ભક્તિનાં આંસુ ઊભરાયા.....ને ભગવાન પર બહુમાન આવ્યું કે અહો, ધન્ય હો પારસનાથ આદિ તીર્થંકરોને અને ગણધરાદિ સંતોને–કે જેમણે આવા વીતરાગ સ્વરૂપ જૈનમાર્ગને સદા જીવંત રાખ્યો.–એમ વહાલા જૈનધર્મના વખાણ કર્યા; –પછી મારા પુત્રવધુએ 'આત્મધર્મ' વાંચ્યું; પછી અનુભવપ્રકાશ ઉપરનાં પ્રવચનો વાંચ્યા. સૂતાં પહેલાં રોજના નિયમ મુજબ પંચપરમેષ્ઠીનો મંત્ર ભણ્યા પછી સૂતા...

(વિશેષમાં તેઓ લખે છે કે–) પારસનાથપ્રભુની ક્ષમાના જ વિચાર આવવા લાગ્યા ને ઊંઘ ઊડી ગઈ. એટલે રાતના બે અને પચીસ મીનીટે ઊભો થઈ, પંચપરમેષ્ઠી મંત્ર ભણી, બત્તી કરી, અને જૈનધર્મની પ્રભાવ–

નાની ઊર્મિ આવતાં કોરા કાગળમાં આ પાંચ બોલ લખીને તમને મોકલું છું. મારી આ ભાવના આત્મધર્મમાં લઈ લેશો. (તેમણે લખેલા પાંચ બોલ ઉપર આપ્યા છે. તે ઉપરાંત તેમણે નીચેનાં પાંચબોલ લખ્યા છે– )

૧. જૈનધર્મ આત્મસ્વરૂપ છે. ૨. જૈનધર્મ જ્ઞાનીના હૃદયમાં છે.

૩. જૈનધર્મ મોક્ષ આપે એવો છે. ૪. જૈનધર્મ સિદ્ધપ્રભુ જેવડો છે.

૫. જૈનધર્મ છદ્રવ્યની સ્વતંત્રતા કહે છે.

–મહાન પુણ્યના બળે કહાનગુરુનો ભેટો થયો છે. જેમને ગુરુચરણમાં અહોનિશ રહેવાનો મોકો મળ્યો તેઓ અતિ પ્રશંસનીય છે. એવો મોકો અમને ક્યારે આવે તેની રાહ જોઉં છું.”

(આત્મધર્મમાં હરિજન–બંધુઓ પણ આવા ઉત્તમ સંસ્કાર મેળવી રહ્યા છે–તે વાંચીને તે સંબંધી ખુશાલી વ્યક્ત કરતો એક પત્ર જસદણ યુવરાજ તરફથી સંપાદક પર આવેલ હતો.)

* ભગવાન ઋષભદેવ, વાસુપૂજ્ય અને નેમિનાથ ૧–૧૨–૨૨ એ ત્રણતીર્થંકર ભગવંતો પલ્યંકાસને એટલે કે પદ્માસને (બેઠા બેઠા) મોક્ષ પામ્યા છે; અને બાકીના એકવીસ ભગવંતો ખડ્ગાસને (ઊભા ઊભા) મોક્ષ પામ્યા છે.

* એકચોવીસી દરમિયાન આ ભરતક્ષેત્રમાં શ્લાકાપુરુષો ૬૩ થાય છે. પરંતુ આ અવસર્પિણીમાં ૬૩ શલાકાપદવીમાં ૬૦ પુરુષો જ થયા; કેમકે તેમાંથી ૧૬–૧૭–૧૮મા ત્રણ તીર્થંકરો ચક્રવર્તી થઇને તીર્થંકર થયા. આ ૬૦ શલાકા પુરુષોમાંથી પણ ૫૮ ચોથાકાળમાં થયા, ને ૨ ત્રીજા કાળમાં થયા. પ્રથમ તીર્થંકર ને પ્રથમ ચક્રવર્તી ત્રીજા કાળમાં જ થઈ ગયા.

૨૪ તીર્થંકરો, ૧૨ ચક્રવર્તી, ૯ બળદેવ, ૯ વાસુદેવ, ૯ પ્રતિવાસુદેવ–એમ કુલ ૬૩ શ્લાકાપુરુષો છે. તે બધા નિયમથી મોક્ષગામી તો ખરા, પણ તેમાં ૨૪ તીર્થંકરો તો તદ્ભવમોક્ષગામી જ હોય; ૧૨ ચક્રવર્તી અને ૯ બળદેવમાંથી કોઈ તે ભવે પણ મોક્ષ જાય, ને કોઇ અમુક ભવ કરીને પછી મોક્ષ જાય; તથા વાસુદેવ–પ્રતિવાસુદેવ તે ભવે સ્વર્ગમાં કે મોક્ષમાં ન જાય, તિર્યંચ કે મનુષ્યમાં પણ ન જાય, અમુક ભવ પછી ચોકકસ મોક્ષ પામે.

* બે મિત્ર– આત્માને નિજસ્વરૂપની આરાધનામાં બે મિત્ર છે; એક વૈરાગ્ય અને બીજું તત્ત્વજ્ઞાન. –આ બંને એક બીજાના પોષક છે. સ્વરૂપને સાધનાર જીવને આ બે મિત્ર પરમ સહાયક છે. તેમના વડે ધ્યાન અને વીતરાગીસમાધિ પમાય છે.

* મોક્ષને સાધનારું જ્ઞાન કેવું છે? તે જ્ઞાન સરસ છે, આનંદરસથી ભરેલું

છે. સમ્યગ્દર્શન થયું ત્યારથી જ્ઞાન આનંદસહિત થયું છે. તે જ્ઞાન આનંદ સહિત મોક્ષને સાધે છે. મોક્ષની સાધના તો આનંદમય છે, તેમાં દુઃખ ન હોય.

* પ્રશ્નઃ–પંચમકાળમાં શુદ્ધોપયોગ થઇ શકે ?

ઉત્તરઃ– હોવે; ધર્મની શરૂઆત શુદ્ધોપયોગપૂર્વક જ થાય છે. સમ્યક્ત્વ પ્રગટવાના કાળે સ્વાનુભૂતિરૂપ શુદ્ધોપયોગ જરૂર થાય છે, એના વગર સમ્યગ્દર્શન હોતું નથી; મુનિદશા અર્થાત્ સાતમું ગુણસ્થાન તે પણ શુદ્ધોપયોગમાં જ પ્રગટે છે. પંચમકાળમાં થયેલા આચાર્ય કુંદકુંદસ્વામી કહે છે કે અમારો આત્મા શુદ્ધોપયોગરૂપ ધર્મરૂપે સ્વયં પરિણમ્યો છે. આચાર્ય–ઉપાધ્યાય–સાધુ તેઓએ પણ શુદ્ધ ઉપયોગને અંગીકાર કર્યો છે. ચોથા ગુણસ્થાને પણ કોઈક વાર શુદ્ધોપયોગ થાય છે. ગૃહસ્થ– ધર્મીને કદી શુદ્ધોપયોગ સર્વથા હોય જ નહીં–એવો નિયમ નથી. અત્યારે તો સમ્યક્ત્વ શું છે ને શુદ્ધોપયોગ શું ચીજ છે તેની પણ ઘણાને ખબર નથી. ‘શુદ્ધોપયોગ સર્વથા નથી’ તો એનો અર્થ એ થયો કે એકલો અશુદ્ધ ઉપયોગ ( શુભ–અશુભ રાગ ) છે, તો એવા જીવને ધર્મ ક્યાંથી થાય ?–સમ્યક્ત્વ ક્યાંથી થાય ? ચોથાગુણસ્થાનનો આત્મા પણ રાગથી ક્ષણભર જુદો પડીને શુદ્ધઉપયોગ વડે પરમ આનંદને અનુભવે છે....ને પોતાના તે આનંદને પોતે નિઃશંક જાણે છે. આવા શુદ્ધોપયોગના આનંદને અનુભવનારા જીવો અત્યારે પણ છે.

પ્રશ્નઃ– પંચપરમેષ્ઠી ભગવંતો પ્રત્યેની ભક્તિનો શુભયોગ, તે પરસમય છે કે સ્વસમય ?

ઉત્તરઃ–તે પંચપરમેષ્ઠી પ્રત્યેની રાગવૃત્તિ પણ પરસમય છે. ધર્મીને શુદ્ધ નિર્વિકલ્પ અનુભૂતિમાં રહી ન શકાય ત્યારે એવા શુભરાગરૂપ સૂક્ષ્મ–પરસમયપ્રવૃત્તિ હોય છે. પરંતુ જે જીવ તે શુભયોગને જ મોક્ષનું કારણ સમજીને તેમાં પ્રવર્તે છે અને શુદ્ધોપયોગને ભૂલી જાય છે–તે અજ્ઞાની જીવ સ્થૂળ–પરસમયમાં પ્રવર્તે છે, તેને એકલું પરસમયપણું જ છે, સ્વસમયપ્રવૃત્તિની તેને ખબર નથી.

* કરોડો રૂા. ની મૂડીમાંથી પાંચ–દશ લાખ જે છોડી શકતો ન હોય, લાખોની મૂડીમાંથી થોડાક હજાર રૂા. પણ જે છોડી શકતો ન હોય,–તેને સ્વર્ગની ઈચ્છા નથી એમ કોણ માને ?

* વીતરાગભાવથી આત્માને સુખ થાય છે, રાગભાવથી સુખ થતું નથી,–પછી તે રાગ શરીર ઉપરનો હો કે ભગવાન ઉપરનો.

* ઉપયોગની ચંચળતા તે થાક છે. ઉપયોગની સ્થિરતા તે વિશ્રામ છે.

* વીતરાગી સત્ય સાહિત્યના પ્રચાર સંબંધમાં ‘આત્મધર્મ’ નું લખાણ વાંચીને પ્રસન્નતાપૂર્વક વાસણા ચોધરીથી કે. કે. શાહ લખે છે કે–પરમ સત્યનો પ્રચાર થાય તેવું સાહિત્ય સસ્તું અને સહેલું ખૂબ બહાર આવે તે કરવા જેવું છે; અને તે પવિત્ર ને સુંદર કાર્ય આપ અડગ નિશ્ચય, સતત પુરુષાર્થ અને શ્રદ્ધાથી કરી રહ્યા છો તે પ્રશંસનીય છે. સત્ય–સાહિત્યના પ્રચાર માટે તમારા હૃદયની જે ઉર્મિઓ છે તે આવકારદાયક છે, તેમાં અમારી સહાનુભૂતિ છે. ( ભાઈશ્રી, ઇંગ્લીશ સાહિત્ય માટેની આપની ભાવના પણ થોડા વખતમાં પૂરી થશે. સહાનુભૂતિ માટે આભાર.–સં. )

ગુરુદેવ સ્વહસ્તાક્ષરે લખે છે–

ૐ સહજાત્મસ્વરૂપ અનંત શક્તિ સંપન્ન
ચૈતન્ય ચિત્ ચમત્કાર ચિંતામણી
ભગવાન કિ જય.

## વૈરાગ્ય સમાચાર

ચેલા ( જામનગર )ના રહીશ શાહ દેવચંદ વૃજલાલના પુત્ર મોમ્બાસા ( આફ્રિકા ) મુકામે ૨૪ વર્ષની ભરયુવાનવયે ઇલેકટ્રીકનો શોક લાગવાથી માત્ર બે મિનિટમાં તા. ૧૭–૧૨–૭૦ના રોજ સ્વર્ગવાસ પામી ગયા. (તેઓ ભગવાનજી કચરાભાઈની ભત્રીજીના પુત્ર થાય. ) હજી નવ માસ પહેલાં જ તેમના લગ્ન થયેલા. ગત સાલ તેમના માતા–પિતા સોનગઢ આવેલ; તેઓ મોમ્બાસા મુમુક્ષુ મંડળના સભ્ય છે. સ્વર્ગસ્થ આત્મા વીતરાગ શાસનની છાયામાં આત્મહિત પામો.

સંસારમાં આવા ક્ષણભંગુરતાના બનાવો દેખીને મુમુક્ષુએ વૈરાગ્યની ઉગ્રતા વધારીને શીઘ્ર આત્મહિતમાં સાવધાન થવા જેવું છે– કેમકે–

આ શરીર ઝુંપડું વૃદ્ધતા–રોગાગ્નિથી ઝટ બળી જશે,
વળી ઇન્દ્રિયો બળહીન થશે, ઝટ સાધી લે નિજહિતને.



# * વીતરાગમાર્ગનાં મધુરા વહેણ *



પ્રવચનસારની ૧૭૨ મી ગાથામાં અતીન્દ્રિય ચેતના વડે આત્માને ઓળખાવ્યો છે....તેના પ્રવચનમાં આત્માના અતીન્દ્રિય સ્વભાવનું ઊંડું ઊંડું મધુરું ઘોલન ચાલે છે....ગુરુદેવ કહે છે કે અહો! આ તો ધર્મની કમાણીનો અવસર છે. ગુરુદેવના અંતરના ઘોલનની થોડીક પ્રસાદી આપ પણ વાંચો....અને સાક્ષાત્ ઉપયોગસ્વરૂપ આત્માને પરમ મહિમાપૂર્વક લક્ષગત કરો.

* જેણે પોતાનું હિત કરવું હોય તેણે પોતાનું સાચુ સ્વરૂપ સમજવું જોઈએ.

* પોતાનું ચિદાનંદસ્વરૂપ છે તેને અનુભવમાં ન લીધું, અને શરીર તથા રાગાદિ પોતાનું ખરું સ્વરૂપ ન હોવા છતાં પોતાને તે–રૂપે માન્યો,–આવી ભૂલને કારણે જીવ દુઃખી છે.

* હવે તે ભૂલ દૂર કેમ થાય? કે સ્વ–પરની સાચી વહેંચણી કરે તો ભૂલ મટે. આત્માનો સમસ્ત પર–દ્રવ્યથી વિભાગ કેમ કરવો? તેને જુદો કયા સાધનથી જાણવો? તે વાત આચાર્યદેવ આ પ્રવચનસારની ૧૭૨મી ગાથામાં બતાવે છે.

* આત્માનું સ્વરૂપ જાણવાની જેને અંતરમાં જિજ્ઞાસા થઈ છે, તેના શ્રવણ માટે હોંશ ને ઉત્સાહ છે, ને સમજવા માટે લગની છે એવા જિજ્ઞાસુ જીવને સદ્ગુરુનો બોધ પ્રાપ્ત થતાં તરત તે અંતરમાં આત્માનું સ્વરૂપ સમજી જાય છે. શ્રીગુરુએ આત્માના અસાધારણ સ્વરૂપનો કેવો બોધ આપ્યો? તેની આ વાત છે.

* હે ભવ્ય! આવા જીવને તું જાણ!–કેવો છે જીવ! ચેતનાગુણરૂપ છે; તેનામાં પુદ્ગલનો રસ નથી, રૂપ નથી, ગંધ નથી, શબ્દ નથી, તે ઇન્દ્રિયગમ્ય નથી.

* પોતાના ચેતનાગુણવડે આત્મા સમસ્ત પરદ્રવ્યોથી જુદો અનુભવાય છે. પોતાની ચેતના પોતાના સ્વદ્રવ્યના આશ્રયે છે, તેથી તે સ્વલક્ષણ છે અને તેના વડે સર્વે

પરદ્રવ્યોથી ભિન્ન આત્મા સધાય છે. આત્માનું આવું ભિન્નપણું સાધવું તે ભગવાનનો માર્ગ છે.

* એક ચેતનાગુણ આખા આત્માને સમસ્ત પરદ્રવ્યોથી ભિન્ન પ્રસિદ્ધ કરે છે. 'ચેતનાગુણ' થી આત્માને લક્ષગત કરતાં તેના સહભાવી અનંતગુણો તેમાં સમાઈ જાય છે, ને ચેતનાથી વિરુધ્ધ સર્વે પરભાવોથી, કે અચેતનતત્ત્વોથી આત્મા પૃથક્ અનુભવાય છે.

* ચેતનાગુણરૂપ આત્મા છે તે આત્મભાવ વડે જ જણાય તેવો છે, અનાત્મભાવથી એટલે કે ઇન્દ્રિયો કે રાગ વગેરેથી તે જણાય તેવો નથી.

* આત્મભાવ વડે એટલે અતીન્દ્રિયજ્ઞાન વડે જ આત્મા જણાય અને સમ્યગ્દર્શન થાય. સમ્યગ્દર્શન પણ અતીન્દ્રિયભાવ છે. તે ઇન્દ્રિયજ્ઞાનવડે થતું નથી, કે ઇન્દ્રિયજ્ઞાન વડે તેની ઓળખાણ પણ થતી નથી. ભાઈ, ઇન્દ્રિય તરફના જ્ઞાનથી રૂપાંતર કરીને તારા જ્ઞાનને અતીન્દ્રિય કરીને તારા આત્માને સ્વજ્ઞેય બનાવ. આત્માને સ્વજ્ઞેય બનાવીને સ્વદ્રવ્યની રક્ષા કર, ને પરદ્રવ્યનું રક્ષકપણું છોડ. આ પરદ્રવ્ય મારું એવી બુદ્ધિ છોડ; ને તારા સ્વદ્રવ્યને પરથી જુદું પાડીને તેનો તું રક્ષક થા. અહો, સ્વદ્રવ્યના રક્ષક ત્વરાથી થાઓ.

અરે, આવું મનુષ્યપણું અને સત્યધર્મના શ્રવણની એકેક ક્ષણ મહા મોંઘી છે, અબજો રત્નો આપવા છતાં આવી એક ક્ષણ મળવી મુશ્કેલ છે. ભગવાન! આવું મનુષ્યપણું બહારના વેપારમાં તું વીતાવે છે તેને બદલે આત્માના લાભનો વેપાર કર..... ઉપયોગને અંતરમાં વાળીને આત્માનો ગ્રાહક થા.... પરનું ગ્રહણ માન્યું છે તે છોડી દે, અને આત્માનો ગ્રાહક ત્વરાથી થા. એકક્ષણનો તેમાં પ્રમાદ ન કર. એક ક્ષણની કમાણીથી તને અનંતકાળનું સિદ્ધસુખ મળશે.

ભાઈ, આ મનુષ્યપણાનો ટૂંકો કાળ તે તો આત્મહિતની મોસમ છે; ધર્મની કમાણીની આ મોસમ છે. તેમાં ધર્મની કમાણી જેણે ન કરી, એટલે કે ભવ ભ્રમણના નાશનો અને મોક્ષસુખની પ્રાપ્તિનો ઉપાય જેણે ન કર્યો તેના મનુષ્યપણાને ધિક્કાર છે.

અરે જીવ! પરદ્રવ્યના ગ્રહણની બુદ્ધિથી તો તું સંસારના દુઃખમાં પીલાઈ રહ્યો છે. માટે પરનું ગ્રાહકપણું તું ત્વરાથી છોડ, ને ત્વરાથી સ્વદ્રવ્યનો ગ્રાહક થા. અરે, આત્માને ભૂલીને તેં અનંતકાળથી ભાવમરણ કર્યું, હવે તો સ્વ–પરની ભિન્નતાને

જાણીને તું તારા આત્માને ભાવમરણથી બચાવ, સ્વદ્રવ્યનો ત્વરાથી રક્ષક થા, ને પરદ્રવ્યનું રક્ષકપણું છોડી દે.

* હે જીવ! સ્વદ્રવ્યને પરથી તદ્દન જુદું જાણીને ત્વરાથી તું સ્વદ્રવ્યનો રક્ષક થા.... વ્યાપક થા.....ધારક થા....રમક થા.....ગ્રાહક થા. પરભાવથી સર્વ પ્રકારે વિરક્ત થા.

* બહારની પરભાવની રમત છોડ....ને સ્વદ્રવ્યમાં રમણતા કર. 'રાણા! રમતું છોડ..... કટક આવ્યું કિનારે.' આ તારા જીવનના કિનારા નજીક આવે છે, માટે તું રાગની રમતું ત્વરાથી છોડી દે, ને રમવાયોગ્ય એવા ચૈતન્યધામમાં તું શીઘ્ર રમણતા કર.

## વીતરાગરસનાં વહેણ

અહો, આ તો વીતરાગમાર્ગનાં વહેણ છે. એકલો ચૈતન્યનો વીતરાગરસ આમાં ભર્યો છે. ભગવાન પાસેથી આ વીતરાગરસનાં વહેણ આવ્યાં છે. આ વીતરાગરસ પાસે ઇન્દ્રના ઇન્દ્રાસન પણ ધર્મીને નીરસ લાગે છે. અપૂર્વ આનંદરસની ધારા આત્મામાંથી વહે છે, તેનું લક્ષ તો કરો. આત્માના સ્વભાવની આવી વાત સાંભળીને બહુમાન કરનાર પણ મહા ભાગ્યશાળી છે; અને જેણે આવો આત્મા લક્ષમાં લીધો તે સર્વે પરભાવથી વિરક્ત થઈને પરમ અતીન્દ્રિય આનંદને પામે છે. ઈન્દ્રિયના અવલંબનવાળું જ્ઞાન પણ જેને જાણી શકતું નથી એવો ભગવાન આત્મા, તેનો ગ્રાહક થઈને પરભાવનું ગ્રહણ છોડ. ઇન્દ્રિયજ્ઞાન પણ જ્યાં મારું સ્વરૂપ નથી ત્યાં અન્ય રાગાદિ પરભાવોની કે ઇન્દ્રિયોની શી વાત ?–એમ પરભાવોથી ભિન્ન થઈને આત્માને ગ્રહણ કર....એટલે તારી પર્યાયમાં પરમ આનંદથી ભરપૂર વીતરાગરસમાં વહેણ વહેશે.

## ચૈતન્યહીરાથી ભરપૂર મોટો પહાડ

આત્મા તો ચૈતન્ય–હીરાનો મોટો ડુંગરો છે, તેને ખોદતાં તેમાંથી તો સમ્યગ્દર્શન ને કેવળજ્ઞાનાદિ હીરા નીકળે છે, તેમાંથી રાગાદિ નથી નીકળતા. આવા ચૈતન્યહીરાનો પહાડ ખૂલ્લો કરીને સંતો બતાવે છે. ભાઈ, તારામાં ભરેલી આ ચૈતન્ય–હીરાની ખાણ જરાક ખોલીને જો તો ખરો! (ગુરુદેવે થોડા વખત પહેલાં મંગલ–સ્વપ્નમાં મોટો પહાડ દેખેલો, તેનો જરાક ભાગ ખુલ્લો કરતાં અંદર એકલા હીરા જ ભરેલા હતા. તેને અનુલક્ષીને ઘણા પ્રમોદથી ગુરુદેવ કહે છે કે અહો! આત્મા તો અનંત ગુણના ચૈતન્યહીરાથી ભરેલો મોટો ડુંગરો છે; તેને ખોલીને જોતાં તેમાં એકલા કેવળજ્ઞાનાદિ હીરા જ ભર્યા છે. આવા આત્માને લક્ષમાં તો લ્યો! થોડોક ભાગ ખુલ્લો કરીને નમૂનો બતાવ્યો, તો આવા તમારા આખા આત્માને લક્ષમાં લઈને તેનો પરમ મહિમા કરો.

[ ફત્તેપુરના પ્રવચનોમાંથી ]

## ચેતનસ્વભાવી આતમરામ;
## રાગસ્વભાવ તે બંધનું કામ.

સ્વમાં દેખ....સુખી થા;
પરભાવોથી દૂર જા.

卐

તું છો જ્ઞાન....તું છે સુખ....
લક્ષમાં લે તો મિટે દુઃખ....

卐

સ્વને ભજતાં સિદ્ધ બનું;
ભવને ભેદી મુક્ત બનું.

卐

ચેતન રહતા ચેતનેવાલા
કભી ન હોતા વહ મતવાલા.

卐

નથી જ્ઞાન આત્માનું જ્યાં
ભવથી એના આરા ક્યાં ?

卐

સમ્યક્ દર્શન – જ્ઞાન – ચરિત્ર
એક જ મુક્તિમાર્ગ પવિત્ર.

卐

આતમરામ છે આનંદધામ,
જ્ઞાનમાત્ર છે એનું કામ.

卐

તુજ વિભવને તુજમાં દેખ
પરમાં સુખ ન કિંચિત્ પેખ.

卐

જેવા સિદ્ધ તેવો હું.....
મોહ ઊડયો ત્યાં ફરરર ફૂ !.....

卐

દેહથી ભિન્ન રાગથી ભિન્ન
જ્ઞાનથી હું સદા અભિન્ન.

卐

જ્ઞાનં....જ્ઞાનં.....જ્ઞાનં....ગા
રાગં.....રાગં.....રાગં....ના

卐

તીર્થંકર પ્રભુ તીર્થંકર
એ તો છે જગતહિતંકર

卐

વિદેહમાં છે જિનવર વીશ,
ભક્તિથી નમાવું શીષ.

卐

આતમરામ છે આનંદધામ
રાગતણું ત્યાં શું છે કામ ?

卐

## વીતરાગતા મોક્ષનું ધામ;
## પામે તેને કરો પ્રણામ.

## આનંદના પ્યાસી

ગૃહસ્થપણામાં રહેલા જ્ઞાનીધર્માત્મા આત્માના પરમ આનંદના પ્યાસા હતા..... એવા પરમાનંદના સાધક જીવોનું પણ તેઓ પરમ પ્રિતથી સ્મરણ કરતા હતા. જેમ દૂર રહેલી સીતાજીના સમાચાર સાંભળતાં રામ પ્રસન્ન થાય, તેમ ચૈતન્યના આનંદના સાધક સન્તોની વાત સાંભળતાં ધર્માત્માઓને પરમ પ્રસન્નતા થાય છે, કેમકે પોતાને ચૈતન્યની આનંદપરિણતિ અતિશયપ્રિય છે. જેની જેને પ્યાસા હોય તેની વાત સાંભળતાં તેને પ્રસન્નતા થાય છે.

## ધર્મનો પ્રેમ

ભગવાન સર્વજ્ઞદેવ પાસેથી સન્તો ચૈતન્યના પરમ આનંદના સંદેશા લાવ્યા છે; તેથી પરમાનંદના પિપાસુ જીવને તે સંતોપ્રત્યે અતિશય પ્રેમ-ભક્તિના ભાવ આવે છે, દૂરદેશથી પતિનો સંદેશ લાવનાર પ્રત્યે પતિવ્રતાને જેમ આદર જાગે, તેમાં તેનો પ્રતિપ્રેમ છે, તેમ સાધક સન્ત ધર્માત્માઓ પ્રત્યે ધર્મીને પરમ પ્રેમ આવે છે. તેમાં તેનો ધર્મપ્રેમ છે.

## ચૈતન્યવિભૂતિ

અરે, ક્યાં મારી ચૈતન્યવિભૂતિ! ને કયાં આ ઇન્દ્રપદ વગેરે બહારના પુણ્યઠાઠ! પુણ્ય એ તો ચૈતન્યની વિકૃતિનું ફળ છે, એમાં મારી મહત્તા નથી; મારી મહત્તા તો મારા ચૈતન્યની વિશુદ્ધતામાં જ છે. ચૈતન્યની મહત્તામાં જે અતીન્દ્રિય આનંદના દરિયા ડોલે છે તેની પાસે દુનિયાના કોઇ ફળની મહત્તા જ્ઞાનીને નથી, જ્ઞાની ચૈતન્યવિભૂતિ પાસે જગતની વિભૂતિને ભૂતિસમાન જાણીને છોડે છે ને ચૈતન્યને સાધે છે.

## જ્ઞાની ક્યાંય લલચાતા નથી

ચૈતન્યતત્ત્વના આનંદનો જેણે અનુભવ કર્યો છે એવા ધર્મીજીવ જગતના કોઇ પદાર્થમાં લલચાતા નથી; કેમકે ચૈતન્ય કરતાં મહિમાવંત જગતમાં કોઇ પદાર્થ નથી કે જે ધર્મીને લલચાવે. ચૈતન્યસ્વરૂપની મહત્તા પાસે જગતના બધા પદાર્થો તૂચ્છતાને પામે છે. જેણે ચૈતન્ય સુખનો સ્વાદ ચાખ્યો નથી તે જ બાહ્યપદાર્થોમાં સુખ માનીને લલચાય છે.

પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ (સૌરાષ્ટ્ર) પ્રત : ૨૮૦૦